સાબરકાંઠાની વનસ્પતિઓ

[વનસ્પતિનો બગીચો]

[સચિત્ર]

ગુજરાત
વિદ્યાપીઠ
ગ્રંથાલય

લેખક :
વૈદ્ય રસીકલાલ

પ્રકાશક :
સંજીવની આયુર્વેદિક ઇસ્પીતાલ
અમદાવાદ-૭

Scanned with CamScanner

પ્રકાશક:
સંજીવની ઈસ્પીતાલ વતી
વૈદ્ય રસીકલાલ પરીખ
અમદાવાદ—૭

ज:१२०२३९.७/परीख
५४१११
गु.

કિંમત ૧-૦-૦

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ
ઘીકાંટા રોડ : અમદાવાદ.

Scanned with CamScanner

પ્રસ્તાવના

પૂ. વિનોબાજીની સાથે ચારેક દિવસ હું હમણાં મદ્રાસ રહી આવ્યો. પૂ. વિનોબાજીએ મને કહ્યું કે શાકાહાર આપણો ખોરાક ઉત્તમ છે. માંસાહાર સારો નથી. આયુર્વેદમાં આ અંગે શું છે તે વિષે ઘણી ચર્ચા થઈ. પૂ. વિનોબાજીની ઇચ્છાનુસાર મને મારા મિત્રે જણાવ્યું કે પવનારના બગીચામાં આયુર્વેદની ઉપયોગી ને હિતકર વનસ્પતિયો ઉગાડી તેનો બગીચો બનાવવો છે. માટે એવી વનસ્પતિયોનાં ભાષાવાર નામો તેના ગુણો તથા જુદા જુદા રોગો પર તેની થતી અસર અંગે તમે એક યાદી કરી પૂ. વિનોબાજીને મોકલો. પૂ. વિનોબાજી આયુર્વેદની દેશી, નિર્ભય અને નિર્દોષ વનસ્પતિયો રોગો મટાડવા માટે વાપરવી જોઈએ એમ માને છે. આયુર્વેદનો પ્રચાર તેઓ જ્યાં જાય ત્યાં કરવા ઇચ્છે છે. એલોપથીની દવાઓ ખર્ચાળ અને ખતરનાક છે.

મને અંદરથી પ્રેરણા મળી કે પૂ. વિનોબાજીની વાત સાચી છે. ક્યાં જવું એ પ્રશ્ન હતો!

સાબરકાંઠાના ગામે ગામની લાયબ્રેરીઓમાં "ચરક" પેપર વંચાય છે. એટલે ત્યાં મારા વાંચક મિત્રો પણ બહુ છે.

સાબરકાંઠાના સરદાર શ્રી. ચુનીભાઈ દેસાઈભાઈ દેસાઈ કે જેઓ સંજીવનીમાં મારે ત્યાં સારવાર લઈ ગયેલા તેમણે પણ "સાબરકાંઠાની વનસ્પતિઓ" એ નામનું પુસ્તક તૈયાર કરવા મને સાબરકાંઠા આવવા આમંત્રણ આપેલું.

ખેડ બ્રહ્માનો ઇતિહાસ મને મારા મિત્ર શ્રી નરેન્દ્રભાઈ હાથી સાહેબે

Scanned with CamScanner

કહ્યો. ખેડબ્રહ્માથી જ બ્રહ્માએ સૃષ્ટિની ઉત્પત્તિ કરી. અને સૃષ્ટિમાં માણસો થશે, માણસો થશે ત્યાં રોગો પણ થશે. એ રોગો મટાડવા માટે બ્રહ્માએ આયુર્વેદ લખ્યો, અને એ આયુર્વેદની ઔષધિઓ પણ બ્રહ્માએ ખેડબ્રહ્માથી–રાજસ્થાન સુધીનાં જંગલોમાં સાબરમતિ હરણાવ વિ. નદિયોને કિનારે કિનારે વ્યવસ્થિત રીતે ઉગાડવા આયુર્વેદના નિષ્ણાત ઋષિ મુનિઓને આ શુભ કાર્યમાં રોકયા કે જેથી પ્રાણી માત્ર નિરોગી રહી લાંબુ જીવન જીવે અને કલ્યાણના કાર્યો કરે !

તેથી આ આયુર્વેદનું જંગલ જોવાગા જે પર્યટન થયું તે પર્યટનના વર્ણન સાથે વનસ્પતિઓની ઓળખ તથા થોડા ઘણા ગુણદોષ આપ્યા છે. આશા છે કે એકલા વૈદ્યોને નહિ પણ તમામ આમ જનતાને ઘણું જ ઉપયોગી આ પુસ્તક નિવડશે.

વૈદ્ય રસીકલાલ

Scanned with CamScanner

સાબરકાંઠાની વનસ્પતિઓ

મારા મિત્ર શ્રી. નરેન્દ્રભાઈની (ખેડબ્રહ્મા) જીજ્ઞાસાને અનુસરીને તા. ૨૨–૧–૫૬ના રોજ સવારે હેંગટીયા ગામના મુખી શ્રી છત્રાજી તથા ભીલ કુમાર આશ્રમના સંચાલક શ્રી. નંદુભાઈ, પશુચિકિત્સક ડૉ. શ્રી. વરધભાઈ પટેલ તથા મારા કંપાઉન્ડર શ્રી. અંબાલાલ મોદી વિગેરે આયુર્વેદ પ્રેમી સજ્જનો સાથે સવારમાં આઠ વાગે વનસ્પતિની ઓળખમાટે નીકળ્યા આ સર્વ ભાઈઓ આયુર્વેદના જીજ્ઞાસુ અને ઉપાસક હતા.

પહેલા વહેલાં મહાકાળી ચામુંડા માતાના મંદિરે શામેળા તળાવના કિનારે ગયા. તળાવના કિનારા ઉપર ભોમીયા શ્રી. છત્રાજીએ કાળીપાટનો વેલો ખોતરી તેનો બટાકા જેવો એક કંદ જમીનમાંથી કાઢી બતાવ્યો, આ કાલીપાટનો કંદ હતો. તેમણે કહ્યું કે ગમે તેવાં ગુંમડાં હોય તો અમે તેને ઘસીને ચોપડીએ તો ફાટી જાય છે. બજારમાં હાલ જે કાળીપાટ મળે છે તે આ વેલાના કકડા મળે છે પણ કંદ મળતો નથી. જિંદગીમાં પહેલીજવાર મેં આ કંદ જોયો તેને કાપવાથી લાલ હિંગળોક જેવો રંગ દેખાય છે એને ત્રણ પાંદડાં હોવાથી અહિંના લોકો તરવણ કહે છે. આ વેલો ખૂબ લાંબો થાય છે ને ઝાડની ઉંચાઈ જેટલો પણ જાય છે. છત્રાજીએ વેલો ખોદવા માંડયો ત્યારે પત્થરમાં થઇને તે વેલો પસાર થયો હતો. જાડાઈ ટચલી આંગળી જેવડી હતી. એનાં પત્તાં બીલીની જેમ ત્રણ પાંખડાંવાળાં હતાં. એની લંબાઇ ૨॥ ઈંચ અને પહોળાઇ ૧॥ ઈંચ હતી. તેની ધાર સ્હેજ કાંગરીવાળી હતી અને પાંદડાંની અણી ટેપરીંગ હતી. આજ વેલો અમે કોટેશ્વર મહાદેવ પાસે કૂવા નજીક જોયો પણ તેની સાથે ધોળી પાટનો એક બીજો વેલો હતો જેનાં પાંદડાં લગભગ આસોતરાનાં જેવાં મળતાં અને ગોળાકાર હતાં. વૈદ્યોને કાળી–પાટનો ખ્યાલ હોય છે પણ ધોળી પાટનો ઓછો ખ્યાલ હોય છે. પાંદડાંની પહોળાઈ સાડા ત્રણ ઈંચ અને લંબાઈ ૨॥ ઈંચ હોય છે કાલીપાટની માફક આને ત્રણ પાંદડાં હોતા નથી. પણ વેલાને છૂટાં છૂટાં પાદડાં હોય છે. દશમૂળોમાં કાળીપાટનું મૂળ ખૂબ વાપર્યું છે પણ મૂળ તો બટાકા જેવું હોય છે; જ્યારે બજારમાં મળતા આ વેલાના ટુકડા વપરાય છે એ દુઃખની વાત છે!

આ સાબરકાંઠામાં કાલીપાટના છૂટા છવાયા ઘણા વેલા પથરાયેલા છે અને અહિંના લોકો એને તરવણ કહે છે. વાયુને નાશ કરવામાં આ બહુ ઉત્તમ ઔષધ છે.

શ્રી ચામુંડા માતાના શેમળા તળાવને કાંઠે અંકોલનાં ખૂબ ઝાડ જોયાં.

Scanned with CamScanner

તેના પાંદડા લગભગ કરણુંને મળતાં ને તેની ડાંખળીને કાંટા હોય છે. તેનાં ઝાડ ખૂબ પાદડાંનાં ઝુંડવાળા અને સીતાફળીના પાદડાંને મળતાં લીસાછમ હોય છે તેની બધી ડાળીઓ લગભગ શીધી જાય છે ને તેના ફળમાં લીંટ જેવી ચીકાશ હોય છે શારંગધરે મધ્યમ ખંડમાં પાંચમા અધ્યાયમાં કલ્ક ઔષધોમાં અંકોલના મૂળને વાપરેલ છે. જ્યારે છત્રાજીએ કહ્યું કે ચિત્તો વિગેરે સાપ જેવાં જાનવરોનું ઝેર ચડ્યું હોય ત્યારે અમે બેચાર તોલા અંકોલના મૂળનો કલ્ક વાટીને પીવડાવીએ છીયે ને ઝેર ઉતરી જાય છે. ત્યારે મને શારંગધરનો એક શ્લોક સાભર્યોઃ—

अंकोलमूलकल्कश्च सक्षौद्रस्तण्डुलाम्बुना ।
अतीसार हरः प्रोक्तस्तथा विषहरः स्मृतः ॥

અર્થઃ—અંકોલના મૂળનો કલ્ક મધ અને ચોખાના ધોવરામણમાં પીવાથી અતિસાર-ઝાડાનો રોગ મટી જાય છે. આ કલ્કને ઝેરનો નાશ કરનારો કહ્યો છે. (૨૩)

આ રીતે ખેડબ્રહ્માના એક આદિવાસીના મોઢામાંથી મારા ઋષિ મુનિઓના અથાગશ્રમે રગેરગમાં પેસેલો આયુર્વેદ સાંભળ્યો ત્યારે મારા આનંદનો પાર ન રહ્યો અને ભગવાન ચરક જે લખે છે કે ગામડામાં રહેનારા માણસો વનસ્પતિઓને ઓળખે છે એ વાત મને તદ્દન સાચી લાગી.

ત્યારબાદ અમે એક દૂધી અથવા ખેરણીનું ઝાડ જોયું જેની છાલ અને સિંગમાંથી દૂધ ટપકતું હતું. મારા મિત્ર નરેન્દ્રભાઇએ તેમાંથી બનતાં ઇડરનાં રમકડાં બતાવ્યાં. તેનું લાકડું પોચું હોય છે. તે ઝાડના દૂધના ટિપાં આપણા દૂધમાં નાંખવાથી તરત દૂધનું દહીં થઈ જાય છે. ડૉ. શ્રી વસંતભાઇએ પણ વનસ્પતિયોના ગુણદોષ કહેવામાં ઘણી મદદ કરી.

રસ્તામાં વજ્ર દંતીના ઘણા ઝાડ માલમ પડે છે. સાવલીમાં મારા એક મિત્રના બાપુ કાઠિયાવાડના વતની હતા ને વૈદુ કરતા ને તે આ વજ્રદંતીના દાતણ પાયોરીયાવાળા દરદીને કરાવતાને દાંતના રોગ મટાડતા. તે છોડ મેં જોયો ને મારા આનંદનો પાર રહ્યો નહિં ! તેના પાંદડા બાવળ જેવાં ઝીણા હોય છે. જનતા ચુનાના ને કોલસાના પાવડરો દંતમંજનમાં વાપરે છે. તેના કરતાં આ છોડને સુકવીને તેનો પાવડર દાંતે ઘસે તો દાંતના પેઢાં મજબૂત બને અને દાંત પણ ચોકખા થાય.

ખાખરાના અસંખ્ય ઝાડ અહિં જોવામાં આવ્યા. વનનું વન છે. એના ફૂલ-કેસુડાંને લોકો બાફીને પીવડાવે છે ને પેશાબ પુષ્કળ કરાવે છે. કેસુડાંના

પાણીવડે નાવાથી ચામડીના રોગ મટી જાય છે. ગરમી લાગતી નથી. મુસલમાની વૈદક કહે કે છે કે ખાખરાનો અર્ક આંખનું તેજ વધારે છે. ચિકિત્સા કલિકામાં પણ ખાખરાને આંખના રોગોમાં વાપર્યો છે અને શારંગધરે વાળ કાઢવાના લેપમાં ખાખરાના ક્ષારને વાપર્યો છે. હરતાલ બે ભાગ, શંખનું ચૂર્ણ ૭ ભાગ તથા ખાખરાનો ક્ષાર બે ભાગ આ સર્વ ઔષધોને કેળના થડના રસ અથવા આકડાના પાનના રસ સાથે ખરલ કરવાં. આ લેપ જ્યાંથી વાળ કાઢવા હોય તે જગ્યાએ સાત વખત લગાડવાથી વાળ દૂર થઈ જાય છે. આ લેપ વાળ દૂર કરવા માટે ઉત્તમ ગણાય છે. પશુચિકિત્સક ડૉ. સાહેબે કહ્યું કે ઢોરને પેસાબ બંધ થયો હોય તો પણ પાંચશેર સુધી કેસુડાને ઉકાળી પાણી પાવાથી છૂટથી પેસાબ થઈ જાય છે. માણસના બંધ પેસાબમાં અધોળ અધોળ પાણી પાવું.

પછી અમે શિરીષનું ઝાડ જોયું. ભગવાન ચરક લખે કે **શિરીષો વિષઘ્નાનામ** વિષથી થયેલા સોજામાં આ કાલીયો સરસ અદ્દભૂત કામ કરે છે. તેને ફાફડા જેવી સિંગ થાય છે. ઝાડ ઘણાં મોટાંને ઉંચા થાય છે.

શ્રી ચામુંડા માતાજીથી નીચે ઉતરતાં તરત જ અમે કદમનું ઝાડ જોયું. પાંડવોના વૃદ્ધવૈદ્ય વાગ્ભટ્ટ કદમનું દાતણ કરવાનું લખે છે અને એનાથી દીપ્તી થાય છે. આ ઝાડ ઘણું ઉંચું થાય છે ને તેને કાંસકી જેવાં ગોળ ફળ થાય છે.

ત્યારબાદ તળાવ કાંઠે શ્રી છત્રાજીએ સાપ ડરામણીના વેલા બતાવ્યા. એનું મૂળ ઘસીને અગર કલ્ક કરીને પાવાથી સાપનું ઝેર ઉલટી દ્વારા નીકળી જાય છે. એના વેલા થાય છે. એનાં પાન દ્રાક્ષનાં પાન જેવાં થાય છે. એનાં પાનનો ડાયામીટર ૩×૩ ઇંચ હોય છે.

ભગવાન ચરકે સોળ મુલીની અને વીસ ફલીની લખી છે તે ભાગ્યે જ આ જોયા પછી મને લાગ્યું કે થોડાક વૈદ્યો તેને જાણતા હશે.

રસ્તે જતાં સરકટના બરૂનાં ઘાસ ખૂબ પ્રમાણમાં જોયાં તેનાં ફૂલ લાલાશ પડતાં બહુ સુંદર હોય છે. સૂવાવડ વખતે કષ્ટાવામાં એ ફૂલના ચાર લસરકાં પીવડાવાય છે. પેશાબ કરાવવા તથા પથરી તોડવામાં એના મુળનો ઉકાળો વપરાય છે.

દારૂડી જેને સત્યાનાશી કહે છે તે અહિં ઘણા પ્રમાણમાં મળે છે. તેને પીળાં ફુલ આવે છે. સૂકાં તળાવોમાં તે બધે થાય છે. તે પૂટ દેવામાં તથા તાવમાં વપરાય છે. રોમળા તળાવના ભાઠામાં ધોળો ભાંગરો

Scanned with CamScanner

સારા પ્રમાણમાં જોવામાં આવે છે. નાકની ચૂતી જેવા તેને ફૂલ થાય છે.

રસ્તામાં આવતાં ગોરખ મુંડી ઘણા પ્રમાણમાં જોઈ તેની પણ સુવાસ સારી હોય છે. તેને જાંબૂડીયા રંગના ગોળ ગોટા થાય છે. શારંગધરે ગોરખમુંડીનો સ્વરસ અપચીની ગાંઠોમાં, ગંડમાલામાં અને કમળાના રોગોમાં ચાર તોલા પાવાનો લખ્યો છે. ગામડાના લોકો તેને બોરીગો કલ્હાર કહે છે. કારણ કે તેને ગોળ ચણીબોર જેવાં ફળ થાય છે. ડોકટર સાહેબે કહ્યું કે કાળીયો કલ્હાર પણ થાય છે તેથી તેને જૂદો પાડવા આને બોરીગો કલ્હાર કહ્યો હશે. ગોરખમુંડી ઉષ્ણવીર્ય અને પાકમાં તીખી હોવાથી ગળાની ગાંઠો ઓગાળે છે ને પત્તનો નાશ કરનારી હોવાથી કમળાના રોગમાં ફાયદો કરે છે. ગોરખમુંડીનો રસ જરા ગરમ કરી તેમાં મરીનું ચૂર્ણ પીવાથી આદાસીસી શરદી-સળેખમ વિગેરે મટી જાય છે.

અહિં પૂંવાડીયા માણસ જેટલા ઉંચા મેં જોયા અને ડૉકટર સાહેબે કહ્યું કે અહિંથી ગાડાં ભરીને પૂંવાડીયા બહારગામ જાય છે. સંસ્કૃતમાં તેને "ચક્રમર્દ" કહે છે. ચામડીના દર્દોમાં આયુર્વેદ તેને વાપરેલી છે. Ring worm દાદર મટાડે છે.

અરણી પણ અહિં ઘણા પ્રમાણમાં છે. તેનું સંસ્કૃત નામ અગ્નિમંથ છે અને તેને વાયુના રોગોમાં ઘણી વાપરી છે.

મધૂરીના બે ત્રણ ફુટ જેટલા છોડવા થાય છે. એનું મૂળ પાશેરેક પાણીમાં ખૂબ લસોટી કેસરીયા જેવું જે પાણી થાય છે તે માથે ચોપડવામાં તથા પાવામાં આવે છે તેનાથી મૂંઝારાનો દર્દી ભાનમાં આવે છે.

ગાંગસી નામનો છોડ પણ અમે કોટેશ્વરના વહેળા પાસે જોયો. લાલ ડાંખળાં વાળો છોડ બેત્રણ ફુટ ઉંચો થાય છે, વહી જતી ધાતુને રોકવામાં તે સારો ફાયદો કરે છે. આ વહેળામાં બારે માસ પાણી રહે છે. પાણી ઘણું ચોકખું અને સારૂં છે.

કવચ—કૌચાના વેલા અહિં વાડા ઉપર પુષ્કળ થાય છે તેને સંસ્કૃતમાં **आत्मगुप्ता** કહે છે. તેમાં ચીકાશ ઘણી હોય છે ને ધાતુઓને રક્ષણ કરવામાં ઉત્તમ ચીજ છે.

કોટેશ્વરના વહેળા પાસે નસોતરના વેલા જોયા. આ વેલાને કરવતના જેવી ત્રણ ધાર હોય છે. મને આજે જ ભાન થયું કે સંસ્કૃતમાં **त्रिवृत्त** શબ્દ તેની આ ત્રણ ધારો ઉપરથી જ પાડેલ છે. ચરક લખે છે કે ઓષધો ક્યાં યોજવા જે જાણે છે તે સારો વૈદ્ય છે પણ ઓળખવાં ને ક્યાં યોજવાં એ જે જાણે છે તે શ્રેષ્ઠ વૈદ્ય છે.

Scanned with CamScanner

ખેરના ઝાડ આ જીલ્લામાં બધે જોવા મળે છે. તેને બાવળ જેવી પાંદડી હોય છે. ઝાડ લગભગ સૂકાગેલા જેવાં હોય છે. આની છાલ કોઢ મટાડવા માટે અકસીર છે. આમાંથી કાથો બનાવવામાં આવે છે.

કોટેશ્વરના મંદિર પાસે ધામણનું ઝાડ જોયું કણજીના ઝાડ જેવાં તેને પાંદડાં હોય છે. માથાના રોગમાં અહિંના લોકો તેને વાપરે છે.

એની પાછળ જ ગોલરાનું ઝાડ હતું. પરમીયાના રોગમાં અહીંના લોકો તેનું મૂળ ઘસીને પીવડાવે છે.

કાસંદરો મેં અહિં પહેલવહેલો જ જોયો. અરડુસી કરતાં સહેજ નાના તેના છોડ થાય છે. તેને ગવાર જેવી સિંગો આવે છે. તેના પાંદડાં લસોટી દુઃખણી આંખ ઉપર અહિંના લોકો બાંધે છે. કાઠિયાવાડમાં તે વધુ પ્રમાણમાં થાય છે. શાકનો ઉપયોગ દૃષ્ટિને મટાડનારો છે. કાસુંદરો દૃષ્ટિને મજબૂત કરનારો છે તેથી તેના પાંદડાની ભાજીનું શાક પણ ખવાય છે.

सर्वेऽपि शाकाः दृष्टि हरा वर्जित्वा तण्डुलियकम्।
तथैव शतपुष्पाच जीवन्ती कास मर्दकाः ॥

દોડી, સૂવા, તાંદળજો અને કાસુંદરા સિવાયના તમામ શાકો દૃષ્ટિને હરનારા છે. ઉપનિષદ લખે છે કે ચરનારનું નસીબ ચરતું જ રહે છે. તે હિસાબે કાસુંદરાનું પ્રથમ દર્શન થયું. કોટેશ્વરના પૂજારીએ કહ્યું કે આંખનું ગમે તેવું કળતર થયું હોય તો તેનાં પાનાં લસોટી આંખ ઉપર મૂકવાથી આંખોની કળતર બંધ થઈ જાય છે.

નેપાળો પણ આ ભૂમિમાં ઘણો થાય છે અને તેનીજ જાત રતનજોઈ અહિં ઘણા સારા પ્રમાણમાં જોવામાં આવે છે. શારંગધરે પણ રતનજોઈને વાપરી છે. આ બધા જલદરેચ છે. વીંછી જેવાં ઝેરી જનાવર કરડે ત્યારે તેના પાદડાં લસોટી તેની લુગદી ડંખ પર મૂકાય છે. નેપાળાનું સંસ્કૃત નામ દંતી છે અને અહીંના લોકો પણ તેને દાંતીયો કહે છે તે એ બતાવે છે કે સંસ્કૃત ભાષા કેટલી ઉંડી પેસી ગયેલી છે. નસોતરને **त्रिवृत्त** ઉપરથી અહિં તરવટ કહે છે.

કાલીપાટના વેલાને બીલીં જેવાં ત્રણ પાંદડાં હોય છે અહીંના લોકો તેને તરવણ કહે છે. તરવણનું એ અપભ્રંશ છે.

ધોળીપાટના વેલા મેં અહિં જિંદગીમાં પહેલી જ વાર જોયા તેનો ઉપયોગ મને બહુ ખબર નથી પણ અહીંના લોકો તેને વાત નાશક તરીકે

Scanned with CamScanner

વાપરે છે કાલીપાટની સરખામણીમાં મોળીપાટ હશે તેનું મને અહિં પ્રથમ જ દર્શન થયું.

ખેડબ્રહ્મામાં શ્રી અંબામાતાજીના મંદિર પાસે એક ઇન્દ્રોખનું ઝાડ જોયું. ઇન્દ્રોખના ઝાડની છાલ સોજાના કેસમાં અહિંના લોકો વાપરે છે. તેના મૂળનો કલ્ક ઘસીને ચોપડે છે. સંસ્કૃતમાં તેને ઐન્દ્રી કહે છે આ ઇન્દ્રોખનું ઝાડ પણ મેં પ્રથમ જ અહિં જોયું!

અહી એક છોડ થાય છે તેને હાથણી કહે છે તેને હાથીના કાન જેવાં પાંદડાં થાય છે. ભાદરવા મહિને થાય છે. પછી આપો આપ તે છોડ જમીનમાં જતો રહે છે. પેટના વાયુના ગોળામાં તેનો ઉપયોગ કરે છે.

હાથણો નામની અહિંની વનસ્પતિને અહિંના લોકો ઓયોના રક્તગુલ્મમાં તેનો ઉપયોગ કરે છે.

અહિં જુના વખતમાં એક કંકાવટી નામે નગરી હતી તે અહિંથી ૨૫ માઇલ દૂર છે, ખેડબ્રહ્માથી વિજયનગર જતાં એક મોટું જંગલ છે. પાળીઆઓની છત્રીયોથી વિજયનગર ૮ માઇલ રહે છે. આયુર્વેદની પોણોસો ટકા જેટલી વનસ્પતિયો આ ગીચ જંગલમાં જોવા મળે છે. આયુર્વેદ વિદ્વાએ આ જંગલમાં ખાસ ફરવા જેવું છે. આ જંગલમાં વાઘ-વરૂ જેવા હિંસક પ્રાણીયો રહે છે આજુબાજુ લીલાછમ ઝાડો છે. ઉપર ઉપરનું જે દર્શન કરે તેને કડુ ઇન્દ્રિજવના અસંખ્ય ઝાડો-ખેરના અસંખ્ય ઝાડો ખાખરાનું આખું વન, આમળાંના ફળથી લચી પડતાં આમળીના ઝાડ વિરેશ્વર પાસે અસંખ્ય દેખાય છે, અહિં નાની મોટી અસંખ્ય વનસ્પતિયો છે. જંગલની વચમાં હરણાવ નામની નદી આવે છે. જેને હિરણ્ય ગંગા કહે છે- આ નદીને બ્રહ્માએ બનાવેલી છે.

સાબરમતિ શબ્દ તો હાથમતી નદી મળ્યા પછી પ્રચલિત છે નહિ તો તેને સાબર જ કહે છે. સાબરમાં સાત નદીયો મળે છે સૌથી પહેલાં આકુળ અને વ્યાકુળ નામની બે નદીયો મળે છે. પછી હરણાવ મળે છે. પછી ખારી પછી મેશ્વા અને છેલ્લે સાતમી વાત્રક મળે છે.

મહાલક્ષ્મીના મંદિરની પાસેની ટેકરી ઉપર ગુગળ અને અર્જુનનાં ઝાડો જોયાં. અર્જુનનાં ઝાડ ખડચંપા જેવાં દેખાય છે. અને તેની છાલ ધોળી દેખાય છે પરંતુ તેને કાપવાથી ખૂબ લાલ ગુલાબી દેખાય છે. તેનો મોર આંબાના મોર જેવો દેખાય છે. તેનાં પાનને પાંચ આંગળીઓ હોય છે અને દીવેલાના પાનથી સહેજ નાના કદનાં અને ચામા ગાડીવાં જેવા હોય છે. તેની છાલ કાપ્યા પછી અડકાયે તો બરફ જેવી ઠંડી લાગે છે. ગ્રામમાં તે વરી

લાગે છે. હાર્ટડીસીઝમાં જે કોરામીન વપરાય છે તેને આંટ મારે તેવું હૃદય-રોગનું આ ઔષધ છે.

લોહીનું સ્થાન હૃદય છે. લોહીનો રંગ લાલ–ગુલાબી છે. અર્જુનની અંદરની છાલ પણ લોહી જેવી લાલ ગુલાબી મેં જોઈ.

આ ઝાડને સંસ્કૃતમાં **વીર તરુ** નામ આપ્યું છે. વીરતા ઓજસથી આવે છે ને ઓજસનું સ્થાન હૃદય છે. રક્તપિત્ત ઉપર શારંગધરે અર્જુનનો ખાસ ઉપયોગ કરેલ છે પણ તેની છાલને રાત્રે થંડા પાણીમાં પલાળી રાખી સવારે ચોળી નાંખી તેનું હીમ પીવાનું લખ્યું છે.

આગળ ચાલતાં અમે ગુગળના ઝાડ જોયાં. અહિંના લોકો તેને હાલ-રડી કહે છે. તેની છાલને પણ ઉપર ધોળું સુંદર પડ હોય છે. ગુગળનાં ઝાડનાં પાંદડાં લગભગ લીમડાને મળતાં છે–ગુગળ કફ અને વાતનાશક છે.

આ પહાડ ઉપર શતાવરીના વેલા મેં પુષ્કળ પ્રમાણમાં જોયા. આ વેલાને સેંકડો મૂળ હોય છે. સંસ્કૃતમાં તેને **શતાવરી** કહે છે. **શત** નો અર્થ સો એમ થતો નથી પણ સેંકડો એમ થાય છે–અહિંના લોકો તેને સસલાનો ચારો કહે છે. કારણ કે સસલાં તેની ઉપરની ડુંખો ખાઈ જાય છે. વાંઝીયાપણામાં તેને ફળઘૃત તરીકે વાપરેલ છે.

વિજયનગર તરફ જતાં જે ગીચ જંગલ આવે છે ત્યાં રેતી અને પથરાના જે વ્હેળા જોયા તેમાં હજારો નગોડના છોડવાઓ અસંખ્ય પ્રમાણ-માં જોયા નગોડને સંસ્કૃતમાં **નિર્ગુંડી** કહે છે. તે વાયુનાશક ઔષધ છે. દુઃખતા માથામાં તેના પાંદડાં પાણીમાં ઉકાળી તેનો નાસ લેવાય છે. માથામાં નંખાતા તેલોમાં પણ નગોડ નંખાય છે.

ઇન્દ્રજવનું ઝાડ પણ મેં અહિં જોયું તેને લીલી સિંગો લાગેલી હતી. ચોળાની સિંગો કરતાં ડબલ લાંબી આ સિંગો હોય છે. એ સિંગની અંદર સિમળાના રૂ જેવા બારિક રેસા હોય છે એની અંદર જવના કરતાં લાંબા બી હોય છે. ઝાડા રોકવામાં, તાવ ઉતારવામાં, હોજરીને સુધારવામાં અને આંતરડાના લગભગ તમામ દર્દોમાં વપરાતાં ઇન્દ્રજવના ઝાડો હજારોની સંખ્યામાં અહિ આવેલાં છે. એક લાકડાની ગણતરીએ આવા સોનાના જંગલો વ્હેપારીયો અને જાગીરદારો કાપીને વનસ્પતિયોને રડતી કરી મૂકે છે. જાગીરદારોએ એ રીતે ભારતને જેટલું નુકસાન કર્યું છે તેટલું સૃષ્ટિમાં કોઈએ કર્યું નથી. કરોડ રૂપીયા ખરચતાં વનસ્પતિયોનો બગીચો કે જે વિજયનગરની આજુબાજુ છે તેવો બની શકે એમ નથી.

Scanned with CamScanner

સણાલી ગામમાં રગતરોહિડાના ઝાડ સારા પ્રમાણમાં થાય છે. રગતરોહિડો બહુ ઉપયોગી ઔષધ છે અને ખાસ કરીને રતવાના રોગમાં ખૂબ વપરાય છે. વડોદરાનાં ડફરીન હોસ્પિટલમાં મેં તેનું એક ઝાડ જોયું હતું પણ અહિં તેનાં જંગલો છે.

અરડુસી તો ઘાસની માફક અહિં ઉગેલી છે. ખાસ કરીને શામળાજી અને વિજયનગરની વચ્ચે માણસ જેટલા ઉંચા છોડો થાય છે.

નગોડ, અરડુસી, ખેર, ખાખરો, પુંવાડીયા, ચન્દ્રજવ, અર્જુન, અને ગુગળનાં તો આખા જંગલનાં જંગલો ભરેલાં છે.

હરણાવ નદિ એ ખેડબ્રહ્મા પાસેથી પસાર થાય છે. હરણાવ બ્રહ્માણી અને કોશાંબી એ ત્રણ નદિયો મહાલક્ષ્મીના મંદિર પાસેના ભીલ આશ્રમ આગળ મળે છે તેને ત્રિવેણી સંગમ કહે છે. સાબરનો અર્થ મંત્ર તંત્ર શકિત પણ થાય છે. ગુજરાતીમાં તેને સાબરીવિદ્યા કહે છે. માણસનું મન આકુળ વ્યાકુળ થાય ત્યારે મંત્ર તંત્ર તરફ વળે છે એટલે કે સાબર આકુળ અને વ્યાકુળ એ બે નદિયોની બનેલી છે. અને મંત્ર તંત્ર પછી બુદ્ધિ સ્થિર થઈ મતિ આવે છે એટલે આગળ ઉપર હાથમતિ મળતાં તેનું નામ સાબરમતિ પડે છે.

આખો સાબરકાંઠો જોવા અને પરિક્રમા કરવા જેવો છે કાંઠાના કેટલાક ભાગો ઉપર જાદરથી જ્યાં આરસોડીયા ફેકટરી હતી ત્યાં વહેળા ઉપર શતાવરીનું તો આખું જંગલ છે.

ગળો અને નાવલી પણ અહિં ઘણા પ્રમાણમાં થાય છે.

ભિલ સેવાશ્રમ સંચાલક શ્રી. નંદુભાઈ એક આદર્શ યુવાન છે. તેમણે આ કાંઠામાં ભીલસેવાની પ્રવૃત્તિ સારા પ્રમાણમાં ઉપાડી છે.

બ્રહ્માજીનું મંદિર આખી સૃષ્ટિમાં એકજ ઠેકાણે અહિં છે. કોઈપણ કાર્યનું સર્જન કરવું હોય તો ચારે દિશામાં મોઢું રાખવું જોઈએ એવું આ મૂર્તિનું પ્રતિક છે.

સાબરકાંઠામાં પાણીની વાવો બહુ જ મજબૂત અને સગવડવાળી છે. વિજયનગરના જંગલોમાં જે ખંડેરો મેં જોયાં અને માટીના જુદા જુદા રંગો જોયાં તે જોતાં ભૂસ્તર શાસ્ત્રીયો અને ઇજનેરો જો તપાસ કરે તો ઘણું મળી આવે એમ છે. આળસને લિધે આવી સંપત્તિનો આપણે ઉપયોગ કરી શકતા નથી.

Scanned with CamScanner

કોટેશ્વરમાં અમે સમુદ્રશોષના બહુ વેલાઓ જોયા. સમુદ્રશોષને જ હું પહેલાં વરધારો સમજતો હતો પરંતુ ત્યાંના લોકોએ કહ્યું કે વરધારાના વેલા જુદા થાય છે. સમુદ્રશોષને આપણે અવળા સવળી કહીએ છીએ તેની સફેદ—રૂફ બાજુ છે તે ગુમડાં ફોડવા માટે છે અને પાછળની લીલી લીસી બાજુ છે તે ગુમડાં રૂજવે છે.

• શામળાજી જતાં પારિજાતકનું જંગલ આવે છે. અહિંના વૈદ્યોએ કહ્યું કે ખરજવાના રોગીને ચમેલીના વીસ વીસ પાંદડાનો રસ અમે પાઈએ છીએ તો ચામડીના ઘણાખરા રોગો મટી જાય છે. એક બીજાએ મને કહ્યું કે ગળાની ગાંઠોમાં અમે લોકો નગોડનો ખૂબ ઉપયોગ કરીએ છીએ.

અરડુસીના ફુલો અહિં પણ ખૂબ ભેગાં કરી શકાય એમ છે.

ધોળી મૂસલી ખુબ જ પ્રમાણમાં ઘાસની જેમ થાય છે. ધાતુ પુષ્ટિ માટે તેનો ઉપયોગ સારા પ્રમાણમાં કરેલ છે.

શામળાજી પાસે આદુનો પાક બહુ જ મોટા પ્રમાણમાં થાય છે. ખૂબ સસ્તુ અહિં મળે છે.

ઈડરભણીના પહાડોને ઈલ્વ દુર્ગ કહે છે તેના ઉપર ખાસ વનસ્પતિઓ નથી પણ અરવલ્લીના પહાડો કે જે ખેડબ્રહ્માથી—આબુ તરફ પથરાયેલા છે ત્યાં અઢળક વનસ્પતિઓ—કે જે ચરકે સાડી ચારસો લખી છે તેમાંની એંસી ટકા અહિંથી મળી આવે છે.

અર્જુનનું એક નામ વીર પણ થાય છે અને તે ઉપરથી સાબરકાંઠામાં આવેલા વિરેશ્વર મહાદેવનું નામ "વિરેશ્વર" પડયું હશે. પહેલવહેલું મેં અહિં વીરેશ્વર મહાદેવની પાસેની ટેકરી ઉપર જ જોયું. વીરેશ્વર બહુ રમણીય સુંદર અને આલ્હાદક છે. સાબરકાંઠાનું એ માઉન્ટ આબુ ગણાય છે. દરેકે જોવા લાયક છે.

પહેલવહેલું ગુગળનું ઝાડ મેં મહાલક્ષ્મીના મંદિર પાસે જોયું. આબુના પહાડ ઉપર ટોડ રોકની પાછળ એક પહાડના મૂળમાં ગીચ ઝાડી છે તેવી ઝાડી અહિં વીરેશ્વર મહાદેવની પાછળના ભાગમાં છે. મોટી અંબાજી તરફના મહાદેવની માફક અહિં પણ પહાડના મૂળમાંથી નિર્મળ પાણીનું ઝરણું સતત વહ્યા કરે છે. વૈદ્યો અહિં આવી તપાસ કરે તો અઢળક વનસ્પતિઓ હાથ લાગે એમ છે.

Scanned with CamScanner

કંબોઇ—આંબળાથી કંઇક મોટા પાનના આકાર વાળું ઝાડ હોય છે. હરણાવ નદી પર બંધ બંધાવ્યો છે તેની પાસેના રસ્તા પર માલમ પડે છે. લગભગ અકોલાની પાસે જ માલમ પડે છે. ભગંદર ઉપર તેની લુગદી ગરમ કરી રહેજ ખદખદાવી બાંધવાથી ભગંદરના ઘાને સાંધનારી તથા રૂઝ લાવનારી છે. શરપંખાને મળતાં તેના પાંદડાં છે આમળ પાકેલ હોય તો તેમાં પણ તેની લુગદી લગાડવાથી આરામ થાય છે.

વેવલું—દુઃખતી આંખમાં ઝીણું વાટી આંખ પર તેની લુંગદી લગાડવાથી આંખો આવી હોય તો આરામ થાય છે.

બીલી—અહિં બીલાંયોના ઝાડ બહુ થાય છે. તેનો વર્ણ બ્રાહ્મણના જેવો ઉજળો હોય છે. હજારોની સંખ્યામાં નાના નાનાં કેર જેવાં સુંદર બીલાં લાગેલાં જોવા મળે છે. મહાદેવને આપણે બીલીના પાન ચઢાવીયે છીએ. બીલી ચઢાવતાં આપણને પ્રાણવાયુ પુષ્કળ પ્રમાણમાં મળી રહે છે. પ્રાણવાયુથી પ્રાણ વધે એટલે આયુષ્ય પણ વધે એ સ્વાભાવિક છે. આટલા માટે તો આપણા ઋષિમુનિઓએ સવાલક્ષ બીલી ચઢાવવાની પ્રણાલી નહિં પાડી હોય! અહિંના લોકો બીલાંનું શરબત પીવે છે. તેને બીલાં આવે છે. બીલાનું ચૂર્ણ ખાવાથી ઝાડા થતા મટે છે.

પારિજાત—પારિજાતકના ઝાડો તો અહિંયાં અસંખ્ય છે. આખું જંગલ છે. શ્રીકૃષ્ણ ભગવાનનાં પત્ની રૂક્ષ્મણીને તે અત્યંત પ્રિય હતું. તેનાં ફુલો સુંદર, આકર્ષક અને પ્રિય લાગે છે. ચોમાસામાં તો ફુલોની અહિંયાં જમીન પર ચાદર પથરાય છે. પારિજાતકના જંગલોમાં સુગંધી સારા પ્રમાણમાં મળી રહે છે.

બહેડાં—જિંદગીમાં પહેલી જ વાર મેં અહિં બહેડાનું ઝાડ જોયું. સાત આઠ પાંદડાંના ઝુમખામાં એના પાન લાગેલાં હોય છે પાંદડું જાડું અને દળદાર હોય છે. પાન પર લીલો અને બદામી રંગ હોય છે.

આંબળાં—બહેડાંની પાસે જ આંબળાનું ઝાડ છે. વાહ કુદરત તારી કેવી ખૂબી છે! દવામાં પણ પાસે ને જંગલમાં પણ પાસે. ઉનાળામાં આંબળાના પાન લીમાઝમ જોવા મળે છે. આંબલી જેવા એના પાન છે. સૂકાયેલાં પાકટ ફળો અસંખ્ય જમીન પર પડેલાં હતાં. તે ખાતાં બહુ સ્વાદિષ્ટ ખટમધુરાં લાગ્યાં, ગળ્યાં પણ લાગ્યાં ક્યાલમાંને બીજાં રહેજ પણું ફેર નથી. એજ સ્વાદ લાગે છે.

Scanned with CamScanner

સાબરકાંઠાની વનસ્પતિઓ.

૫૪૬૬૬.

ટિંબરો—ટિંબરૂનાં પાન તમાકુના પાન જેવા લીલાં ને લાંબા થાય છે. તેનું થડ સીસમ જેવું કાળું હોય છે તેનાં ફળ બહુ મીઠાં લાગે છે.

ધવ—તેને લાંબી લાંબી સોટીઓ હોય છે. નાના પાન હોય છે. તેનો ગુંદર બજારમાં વેચાય છે. ફો: ૬૨૦૨૩૬૬૨/૫૨૦૭

વરસાદનું ઝાડ—Rain Tree આંબલીના પાન જેવાં જ તેનાં લીલાં પાન થાય છે વરસાદ ખેંચી લાવે છે માટે રેઈન ટ્રી કહે છે.

અર્જુન ઉર્ફે કડાયો—છત્રાજીએ કહ્યું આ સતનું ઝાડ છે. આ ઝાડનો ગુંદર સાકર જેવો સફેદ, ઠંડો, ચીકણો કપાય સુગંધવાળો હોય છે. કારણ કે પત્થર તોડીને તે સૌથી ઉંચે પહાડ પર ઉગે છે. વીરતરૂ સંસ્કૃતમાં એને કહે છે. હાર્ટ ડીસીઝ-હૃદય રોગમાં કોરામીનને આંટ મારે એવું અર્જુનનું કામ છે. એની છાલને છૂંદી ઉકાળી પીવાથી હૃદયને લોખંડ જેવું બનાવે છે. ક્ષય તથા ડાયાબીટીસ મટાડે છે.

અર્જુન તુરૂં છે, ઠંડું છે પિત્ત કફ અને વ્રણને જીતનારૂં છે, મેદને–મેહને–હૃદય રોગને સ્વરને ભગ્નને ક્ષત અને ક્ષયને મટાડનારૂં છે.

અહિંના લોકો આને કડાયાનું ઝાડ કહે છે અને તેનો ગુંદર કાઢી પરદેશમાં વેચે છે તેમ પ્રેમશંકરભાઈએ જણાવ્યું. Rs. 1-00.

આ ઝાડ કાપવું એ બહુ પાપ છે એમ અમારી સાથે લીધેલા ભોમિયા છત્રાજીએ જણાવ્યું. સાબરકાંઠામાં સારાય જંગલનો સરકારે જંગલોનો કબજો લીધો નહિં હોવાથી જાગીરદારોએ કોલસાના વેપારીઓને જંગલો પૈસાને લોભે આપી દેવાથી તેઓ આવા ઉપયોગી અને કિંમતી ઝાડો કાપી વનસ્પતિ સૃષ્ટિનું સત્યાનાશ કેવળ પૈસાને લોભે કરે છે. સરકારે આવી અમૂલ્ય આયુર્વેદની ઔષધિયોનાં ઝાડો ન કપાય તે માટે ખાસ સાવચેતીના પગલાં લેવાની અત્યંત જરૂર છે.

બ્રહ્માએ સૃષ્ટિની શરૂઆત ખેડબ્રહ્મામાંથી કરી એ સૌ કોઈ જાણે છે. બ્રહ્મા હિરણ્ય ગર્ભ ગણાતા. બ્રહ્માજીના મંદિર પાસેથી જે નદી વહે છે તેનું નામ પણ હિરણ્ય ગંગા છે.

બ્રહ્માએ આયુર્વેદ પણ અહિંથી જ લખ્યો હોય એમ લાગે છે કારણ કે ખેડબ્રહ્માની આસપાસ આયુર્વેદની અત્યંત ઉપયોગી વનસ્પતિઓ આંખ માંડતાંની સાથે જ જોવામાં આવે છે.

૫૪૬૬૬

Scanned with CamScanner

સૃષ્ટિ ઉત્પન્ન કરતાં પહેલાં બ્રહ્માએ આયુર્વેદ લખ્યો. કારણ કે સૃષ્ટિમાં પ્રજા થશે ને પ્રજા ત્યાં રોગો થશે તેથી તે રોગોની દવાઓ પણ તેમણે પ્રથમથી જ લખી નાંખી. સૃષ્ટિનું અને આયુર્વેદનું સર્જન ખેડબ્રહ્માથી બ્રહ્માએ ચારે દિશાએ મોઢું રાખી કર્યું. અહિં બ્રહ્માની મૂર્તિ છે તેવી હિંદમાં ક્યાંય નથી. એને ચાર દિશામાં ચાર મોંઢા છે.

ઈન્દ્રજવ—સુગંધીદાર ચાંદનીના જેવા છોડ ફૂલ સાથે સુંદર લાગે છે. સુગંધ રાત્રે આવે છે એની સિંગોમાંથી રેશમી તાંતણાં સાથે જોડાયેલ બીજાં ઈન્દ્રજવ હોય છે. તાવ ઉતારવામાં—ગરમ મસાલામાં વપરાય છે. બેસ્ટ ટૉનિક છે. ઈન્દ્રજવ ખાતાં કડવા લાગ્યા. કડવો રસ તાવ ઉતારનાર છે. એનું ફુલનું શાક અહિંના લોકો ખાય છે. બાળકોના કૃમિ રોગમાં ઈન્દ્રજવ અને વાવડિંગ આપવાથી અત્યંત ફાયદો થાય છે.

સેવણ—દશમૂળમાં વપરાય છે, વાયુનાશક છે ફરનીચરમાં બહુ વપરાય છે. સુંવાળું હોવાથી પૉલીસ સારી થાય છે. સેવનનું ઝાડ ઉગેલું અમે રસ્તામાં જોયું.

હરણાવ નદિનો બંધ ખેડબ્રહ્માથી વિજયનગર જતાં બારેક માઈલ છેટે પરોસડા ગામની સીમમાં અને ધઉંવાવ પર્વતની તળેટીમાં બંધાય છે. અહિં નદિમાં અસંખ્ય પત્થરો તથા રેતી—પડેલી છે. મારા મિત્ર ડેપ્યુટિ એન્જીનીયર શ્રી હાથીએ સમજાવ્યું કે રેતાળ ઉપર કોઈ પણ કામ કરેલું ટકે નહિ. અહિંયાં નદીમાં એક ફૂટ ઉંડે ખોદતાં પણ ઉપરનું જ લેયર માલમ પડેલું. ૧૨૧ ફુટ પહોળો અને ૯૦૦ ફુટ લાંબો આ બંધ બંધાય છે. એવી તરકીબથી અહિંયા સીમેન્ટ કૉન્ક્રીટનું કામ રેતી અને નાના પત્થર ઉપર કરવામાં આવ્યું છે કે નદિનું અમુક પાણી જમીનની નીચેથી જમીન આગળ જશે વધારાનું પાણી સ્ટોરેજ થશે ને તેથી વધારાનું બંધ ઉપર થઈ આગળ નદીમાં મળી જશે. ૧૫ હજાર એકર જમીનને પાણી મળશે. આ બંધ આગળ એક સરોવર જેવું થશે. અહિંથી ચાર માઈલ દૂર પટેલા તળાવમાં જળાશય કરવામાં આવનાર છે. ત્યાં પાણીનું સ્ટોરેજ થશે. હરણાવ કેનાલ દ્વારા સાબરકાંઠામાં ખેડબ્રહ્માની આસપાસના ગામો ભવિષ્યમાં ફળદ્રુપ બની જશે અને એના અલભ્ય લાભો પ્રજાને મળશે.

ધઉંવાવ પર્વત હરણાવ બંધ પાસે જ સાબરકાંઠાનો ઉંચામાં ઊંચો

આ પહાડ છે, રાત્રે ને સવારે ઉનાળામાં આબુ જેવી હવા અહિંયા લાગે છે. આ પહાડ ઉપરથી પહોળો છે ઉપરના પ્લેટોમાં માટી છે અને ઘઉં વાવી શકાય એવી જમીન છે એથી અહિંના લોકો એને ઘૂંઆવ અથવા ઘઉંઆવ કહે છે.

ઘઉં વાવ પર્વત ઉપર આબુ જેવું નાનકડું હિલ સ્ટેશન બનાવવામાં આવે તો આબુની થોડી ગરજ સારે એમ લાગે છે.

ઘઉંવાવ પર્વતમાં વિરેશ્વર મહાદેવનું પવિત્ર મંદિર અને તેની આસ-પાસની ઝાડી જોવાલાયક છે. સાબરકાંઠાનું એ આબુ છે. સાબરકાંઠામાં પાંચ રત્નો આવેલા છે. એક ખેડબ્રહ્મા, બીજુ શામળાજી, ત્રીજું વીરેશ્વર, ચોથું ભવનાથ અને પાંચમું મુદ્રણેશ્વર મહાદેવ (જાદરમાં).

વીરેશ્વરમાં અને આભાપુરમાં આયુર્વેદની અમુલ્ય વનસ્પતિઓ પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. ભવનાથ કુંડમાં નાવાથી ને માટી ચોળવાથી કોઢ મટે છે. શામળાજીનું આદુ ખાવાથી સર્વ રોગ નાશ થાય છે. મુદ્રણેશ્વર મહાદેવમાં સાપનું ઝેર ઉતારવામાં આવે છે. ખેડબ્રહ્મામાં અંબાજી માતા તથા બ્રહ્માજીના દર્શનથી પાપ નાશ થાય છે. લીલીછમ વનસ્પતિનો કુદરતી બગીચો બ્રહ્માએ અહિં સાબરકાંઠામાં ખેડબ્રહ્માની આસપાસ બનાવ્યો છે.

મશીનના યુગે માણસની આંખ પણ મશીન જેવી બનાવી દીધી. લક્ષ્મીના લોભે જાગીરદારો લાકડા બનાવવા માટે આ સુંદર અને આયુર્વેદની અમુલ્ય વનસ્પતિ સૃષ્ટિનો નાશ કેવળ કોલસા બનાવવા માટે કરે જ જાય છે એ દુઃખની વાત છે,

જે દેશમાં કોઈ પણ ઝાડ કાપવું એ પાપ ગણાતું તે જ દેશમાં સિવણ જેવાં કિંમતી (વાયુનાશક) ઝાડો કાપીને રસ્તા પર નાંખેલાં છે.

રાતના ઘઉંવાવ પર્વતની તળેટીમાં હરણાવ નદીના બંધ પાસે અમે સુતા હતા ત્યારે રાતના, સુગંધીદાર ઠંડો, અને આલ્હાદક પવન મનને પ્રફુલ્લિત કરતો વાયા કરતો હતો. રાતના આકાશદર્શન કરતાં સીનેમામાં શું જોવાનું છે એમ મને લાગ્યું !

હરણાવ નદીનું પાણી સ્વચ્છ, મધુર અને કબજીયાત નાશ કરે છે.

સાંજના અમે પર્વત ઉપર ચડયા ત્યારે રસ્તામાં આંબળાના ઝાડ

Scanned with CamScanner

ઉપર પાકીને નીચે ખરી પડેલાં સૂકાં આંબળાં ખાધાં. કલાક બાદ તુરત જ પેટ સાફ આવ્યું.

મારા ગુરૂ પ્રભાશંકરભાઈ કહેતા હતા કે ડાળી પાકીના જ આંબળાં પાકટ અને અત્યંત ગુણકારી થાય છે એનો મને પ્રત્યક્ષ અનુભવ થયો ! આ આંબળાંનો સ્વાદ જ અત્યંત સ્વાદિષ્ટ હતો. લીલાં આંબળામાં જે સ્વાદ હતો તે અહિં પાકટ આંબળામાં ફરી ગયો હતો.

રાત્રે ખેડબ્રહ્મા ગામમાંથી ફોજદાર સાહેબ આવ્યા. તેમના દિકરાની દવા અમારી સાથે લીધેલા હુંગટીયા ગામના મૂળી છત્રાજી કરે છે. તેઓ વનસ્પતિને ઓળખે છે ને જુદા જુદા રોગોમાં યોજે છે અહિંના લોકો ડાકટરોથી ન મટતા રોગોમાં ઘણીવાર છત્રાજીને બોલાવે છે. છત્રાજી વનસ્પતિઓનાં મૂળીયાં ઘસીને પાય છે. પરિણામે ડોકટરોથી ન મટેલા રોગો પણ મટી ગયા છે. અને એથી દરદીઓને પણ સંતોષ થયો છે. તેના દાખલા મૌજુદ છે.

છત્રાજીએ ફોજદાર સાહેબના દિકરાને સતથાલિના પાનનો રસ અને જેઠીમધ આપવાનું શરૂ કર્યું. એથી દરદીને ચૌદ આની ફાયદો થયો છે એમ ભાઈ છત્રાજીએ જ્યારે મને જણાવ્યું ત્યારે મને અત્યંત આનંદ થયો અને વનસ્પતિયોના પ્રભાવની છાપ એક અનોખી ઉર્મિ મારા મનમાં પેદા કરતી હતી !

છત્રાજી ભણેલ નથી—એમના પાસે કોઈ દાકતરી ડીગ્રી પણ નથી પણ વનસ્પતિને ઓળખવા સાથે કયા રોગમાં કઈ વનસ્પતી વાપરવી એટલું જાણવાની કળાથી પણ તેને આજે દૂર દૂરના લોકો રોગો મટાડવા બોલાવી જાય છે અને આ જીલ્લાના તેઓ એક ડોકટર વૈદ્ય જેવા બની ગયા છે.

સાધારણ રીતે શિયાળામાં વનસ્પતિ રસકસવાળી હોય છે પણ આ પવિત્ર ભૂમિમાં તો ભર ઉનાળામાં પણ અહિંની વનસ્પતિઓ ઘણાજ રસકસવાળી જોઈ વૈદ્યોએ અહિં આવી આ ખાસ જોવા જેવુ છે. વશાખ જેઠમાં પણ લીલીછમ સરગવો, લીલાછમ આંબળા, અને બહેડાનાં ઝાડ જોવા મળે છે.

ઈન્દ્રિજવનાં ફુલ અને લીલાં પાંદડાં, ગુંદાના મોટાં ઝાડો, હોડીના વેલા, અને નાની મોટી અસંખ્ય લીલીછમ વનસ્પતિઓ અહિંના જોવા મળી એથી અત્યંત સંતોષ થયો.

વાંસનું પ્રમાણ અહિં ઘણું સારૂં છે શાલીગ્રામ નિઘંટુમાં પ્રમેહમાં વાંસના ચોખા ખાવાનું લખ્યું છે તે જોતાં તેની તપાસ અહિં કરવામાં આવે તો મળી શકે એમ લાગવાથી વાંસના ચોખા શોધવા અમે બીજે દિવસે નીકળી પડયા.

મારા મિત્રે સુંદર વાત કરી જ્યારે અમે ગરમાળાનું સુંદર ઝાડ તથા સિંગ જોઈ ત્યારે. તેમના ઘરમાં માંકડ બહુ થયેલા ત્યારે એક સંત પુરૂષે એમને કહ્યું કે ભાઈ સાગના ફરનીચરમાં તો માંકડ પડવાનાજ. સાગના ઝાડ પાસે મને તેઓ લઈ ગયા. તો તે ઝાડની બખોલમાં મને અસંખ્ય માંકડ જોવા મળ્યા ! પણ આ ગરમાળાની સિંગનું ખાલી ખોખું અગર આખી સિંગ ખાટલે બાંધવાથી એકપણ માંકડ અંદર આવી શકતો નથી તેમણે એ સંતપુરૂષના વાકયમાં શ્રદ્ધા રાખી કર્યું; તો પંદર દિવસમાં જ ઘરમાં એક પણ માંકડ રહ્યો નહિં. ભગવાને માંકડનું મારણ આવી સાદી વસ્તુથી કર્યું છે તે જાણી મને ઘણો આનંદ થયો.

ભેંમરો વાગેશ્વરી અને ઘઉંવાવ પર્વતની પાસેજ હરણાવ કેનાલ બંધ બંધાય છે. રાત્રે અમે અમારો કેમ્પ અહિંજ રાખ્યો.

ઘઉંવાવ પર્વતની પાસે અરવલ્લી પર્વતની ઉપશાખાઓની હારમાળા દેખાય છે. અંગ્રેજોની સર્વે પાર્ટી અહિં આવી હતી અને સાબરકાંઠાના પ્રદેશને ખરાબા તરીકે જાહેર કરી તેમાં કાંઈ કર્યું નહિં એ બતાવે છે કે તેમને વનસ્પતિ સૃષ્ટિનું જ્ઞાન હતું જ નહિ. આયુર્વેદનું જ્ઞાન જો તેમને હોત તો પ્રાણીમાત્રના આરોગ્યની રક્ષા કરનાર આવી અમુલ્ય વનસ્પતિનો ઉપયોગ કર્યો હોત !

હિન્દના ફોરેસ્ટમાં વાઘ, સિંહ ને ચિત્તા તેમને જણાયા. શિકારના શોખે તેમને મારી નાંખ્યા. એટલે હિરાની ખાણ જેવાં જંગલો સિંહ વાઘ દ્વારા રક્ષાતા તે બંધ થયાં.

ઈડરથી ખેડબ્રહ્મા આવતાં અંબાજી—આબુરોડની માફક ખાખરાના ઝાડ માલમ પડે છે ખાખરાના ઝાડીમાં અને પાસે જ આંબળાના ઝાડ અહિં છે એથી પાંડવોના વૈદ્ય વાગ્ભટે આંબળાંનો એક હજાર વર્ષ જીવવાનો જે પ્રયોગ લખ્યો છે તે અહિ બહુ સરળતાથી થઈ શકે એમ છે.

Scanned with CamScanner

પુષ્કરના મારા પ્રવાસ વખતે નાગ પહાડોમાં જેમ મેં શિલાજીત જોયું તરત જ નવટાંક ખાઈ ગયો તેમ અહિં અર્જુન—કડાયાનો ગુંદર ખાઇ ગયો.

કડાનું ઝાડ :—કડાની છાલ અને કડાના ફળ એના ગુણ જુદા છે.

ઇંદ્રજવને પાકતાં બરોબર એક વર્ષ લાગે છે. કડાની છાલને સંસ્કૃતમાં વત્સક કહે છે. ખૂબી તો એ છે કે તેના ફુલમાં જરાએ કડવાસ નથી કડાના ઝાડને સિંગો થાય છે. તે સિંગો સફાઈને ફાટે છે ત્યારે તેમાંથી ઇંદ્રજવ ઉડીને નીચે પડે છે ઇંદ્રજવને ઉડવા માટે તેને રેશમ જેવા ઝીણા રેશમી રેસા લાગેલા હોય છે.

ખાખરાના ઝાડને સંસ્કૃતમાં પલાશ કહે છે તેના ફુલને સંસ્કૃતમાં **किंशुक** કહે છે. શુક એટલે પોપટ—ગુજરાતીમાં તેના ફુલને કેસુડાના ફુલ કહે છે કેસુડાના ફુલનો આકાર પણ પોપટના નાક જેવો છે. મારા ઋષિ મુનિઓએ વનસ્પતિનાં નામો એટલાં સરસ રાખ્યાં છે કે જેથી તેને ઓળખવામાં ઘણી સરળતા થાય છે. જેમકે અરડુસીને **सिंहामुखी** કહે છે. અહિંના ભ્રદેશર અને ગોરલ ગામની સીમમાં અરડુસીનું આખું વન છે. તેનાં ફૂલો જોયાં તો ખરેખર સિંહના ઉઘાડેલા મોંઢાના જેવાં જ લાગ્યાં.

હરણાવ કેનાલના કોન્ટ્રાકટર પટ્ટણી સાહેબને ત્યાં સવારે નાસ્તો કર્યો સોમપુરાનો પ્રેમ અથાગ હતો. ઇંદ્રજવ તો આ જંગલમાં છેજ. સુંઠ ઘી ગોળની ગોળીઓ એઓને રોજ આપવા કહ્યું. શ્રી. પટણી સાહેબને શિળસથી મોંઢું કોઈવાર સુઝી જાય છે. મેં કહ્યું તમારી સામેના આ પર્વત ઉપર સામું સફેદ અર્જુનનું ઝાડ છે તેની છાલનો ઉકાળો રોજ પીવાથી—મટી જશે. એમ સમજાવતાંની સાથે જ શ્રી પટણી સાહેબે અર્જુનની છાલ લઈ આવી ઉકાળો પીવા વ્યવસ્થા કરી છે એમ જણાવ્યું. કારણ કે લક્ષણ દૂર કરવા માટે જીવનને લોકો મારે છે. Anti Biotic drugs હમણાં ડોકટરો બહુ વાપરે છે. Anti એટલે વિરૂદ્ધ અને Bios એટલે લાઈફ—એટલે એલોપથીવાળા પોતે પણ કબૂલ કરે છે એ સમજવા છતાં આજે જ્યાં ને ત્યાં એની બાયોકેમિક ડ્રગ્સ છુટથી વાપરવા માટે લોકો ભલામણ કરે છે તેથી પ્રજા જીવશે કે મરશે? એ એક પ્રશ્ન છે! ઉમરડો સંસ્કૃતમાં ઉદુંબર કહે છે. ઉંમરડાના ઝાડ હરણાવ કેનાલ પાસે બહુ મોટાં જોયાં. એને ફૂલ વગર ફળ આવે છે એ અજાયબી છે.

Scanned with CamScanner

ત્રિદોષ હર છે માટે દતાત્રયના મંદિરમાં પ્રથમ ઉમરાની પૂજા થાય છે. લોકોમાં શંકા છે કે ઉંમરડાને ફુલ રાતના આવે છે ને ઇંદ્રની અપ્સરા તે લઈ જાય છે. જેના હાથમાં ઉંમરડાનું ફૂલ આવે તેનો બેડો પાર થઇ જાય! અહિના એક ભાઇએ પણ આ વાતને ટેકો આપ્યો પણ ભગવાન સુશ્રુતે આયુર્વેદમાં ફૂલ વગર ફળ આવતી વનસ્પતિઓના વર્ણનમાં પહેલું જ નામ ઉંમરડાનું લખ્યું છે.

ઉમરડો કોટિંગ–થર કરવામાં અત્યંત ઉપયોગી છે. અમારે ત્યાં અમે રૂઝ લાવવામાં ઉંમરડાના પાનની લુગ્દી કરી ઘા પર લગાડતાં સરળતાથી રૂઝ આવી જાય છે.

હરણાવ કેનાલથી ફૂલવાડી જતાં નદીનો સારોય કિનારો નગોડના ઝાડોથી ભરપૂર હતો. નગોડનું જંગલ જ જણાયું. કમરના દુઃખવાના દરદોમાં નગોડનો ઉકાળો પીવાથી અત્યંત ફાયદો થાય છે.

પરોસડા ગામમાં એક મુસ્લિમ બેનને જોવા માટે મને લઈ ગયા. એમણે કહ્યું કે અમદાવાદના ડોકટરોને બતાવવા લઈ ગયેલ ત્યારે તેમના કથન મુજબ ભારે T B. થયો છે, એથી આ ગામડાની પ્રજા ગભરાઈ જાય છે, કારણ કે ટી. બી. થયો એનું મોત જ આવે, એવી બીક પેસી જાય છે. મેં કહ્યું કે યુનાનીમાં T ટી. એટલે તપવું અને B. બી. એટલે દીક. માટે ગભરાવું નહિ આ જંગલોમાં અરડુસી ઘણી છે તે લાવી તેનો રસ રોજ પીવા ત્યા બકરી ઘરે બાંધી તેનું દૂધ–ઘી–છાસ પીવા સલાહ આપી.

શ્રી પટણી સાહેબ સાથે આગળ ચાલતાં નવાભગ ગામ આવ્યા ત્યાં અરીઠાનું ઝાડ જોયું. પાંદડું લીસું હોય છે તેને નાવાથી ચામડી ઢીલી થાય છે. કપડા પણ ધોવામાં વપરાય છે, અરીઠાના ફળ લાગેલી ડાળીઓ જોઈ. અરીઠા પીવાથી ઉલટી પુષ્કળ થાય છે. અરડુસીથી સ્હેજ મોટાં લીલાં છમ પાન હોય છે. અરીઠાનું ઝાડ પણ અત્યંત લીલુ છમ આ ભર ઉનાળામાં જોઈ આનંદ સાથે આશ્ચર્ય થયું કે આને કયો માળી પાણી પાય છે! આપણા બગીચાઓમાં પૈસા ખરચતાં–માળી રાખતાં પાણી પાતાં પણ ઝાડો સૂકાઈ જાય છે અહિં કોઈ પણ ઝાડને માલીક પાણી પાવા વાળો ન હોવા છતાં કુદરતી રીતે લીલોછમ બગીચો જોતાં કુદરતી કળા અને પ્રભુની શક્તિના દર્શન થતાં મારૂ શિર ઝૂકી જાય છે.

Scanned with CamScanner

કુદરતી શક્તિ આગળ મનુષ્ય શક્તિ કાંઈ કામ કરી શક્તિ નથી.

અહિંની નદિઓમાં ઉપર પથરા દેખાય પણ ખોદતાં નીચે પાણી વહ્યા કરે છે. શ્રી પટણી સાહેબ એન્જીનીયરે કહ્યું કે આને ઇમ્પિરવીયસ લેયર કરે છે. સાયફન સીસ્ટમથી ફુવારા આ રીતે જ ઉડે છે. અહિંના એક માણસે કહ્યું કે એક બાઈને ચણોઠી વાટીને ખવડાવી ચણોઠીનું ઝેર મારી નાખનાર છે, પણ અહિંના ભીલે અરીઠાના પાંદડાંનો રસ પાયો અને ચણોઠીનું ઝેર ઉતારી દીધું. જ્યારે મુંબઈના મોટા ડાક્ટરો સોમલના ઝેર માટે અમદાવાદ બોલાવ્યા ત્યારે તેનો Antidote ઉતાર મને પૂછતો હતો. અરિઠાનાં વૃક્ષનું પાંદડું સુંદર હતું. અરિઠાંનો પાવડરે ઉલટી કરવા સાપ વિગેરે કરડે ત્યારે ફકાવે છે બીજુ એક ઝાડ જોયું તેનું નામ ઉંબાગો. ઝાડ બહુ જ સુંદર અને ઉમરડાના આકારનું ફળ ફોલતાં અંદર ત્રણ બીજ હતાં અને ઈ ગેળ હતી એટલે ગળ્યું હોવું જોઈએ.

આ જમીનની નીચે પાણીની નદી વહેતી હોય છે. Pervious layer અને ઉપરના તમામ ઝાડોને કુદરતી પાણી મળે જ જાય છે. પટણી સાહેબે કહ્યું કે અમેરીકામાં ફોરેસ્ટ છે ત્યાં એક પાંદડુ પણ તોડો તો પોલીસ લોકઅપમાં મુકી દે છે. જ્યારે અહિં હજારો ઝાડ કોલસા માટે કપાય છે ત્યારે હૃદય કકડી ઉઠે છે. છાણાં બાળવાનો ઉદ્યમ પણ ગયો અને જંગલ ખલાસ થઈ ગયાં. સુકી નદી વચ્ચે આવી તેમાં ગંગાના જેવા પથરા પણ નગોડના જંગલથી ભરાયેલા છે, ગીરનાર, હિમાલય, વ્રજ ચાંપાનેર, પંચમહાલ, બરડા, આબુ, નાગ પહાડો. મ્હૈસુર બેંગલોરનાં જંગલો મ્હેં ઘણાં જોયાં પરંતુ ઉનાળામાં વૃક્ષને વસંત જેવાં પાન પાછાં આવતાં હોય તેવાં વૃક્ષો તો મ્હેં લીલા છમ જોયાં અહિ સાબર કાંઠામાંજ જોયાં.

અહિંથી તરતજ મેવાડની સરહદ શરૂ થાય છે. અહિંથી ઉદેપુર ૪૦ માઈલજ છે. મહુડાનાં જંગલો છે. તેમાંથી દારૂ બનાવાતો અને ઓપરેશન કરતાં પૂર્વે. તે દારૂ પીવડાવવામાં આવતો (Anesthetic) તેથી દરદીને વાઢ કાપ વખતે જરાયે દુઃખ લાગતું નથી. આજે એલોપથીવાળા કલોરોફોર્મ આપે છે ને ઓપરેશન કરે છે, પણ કલોરોફોર્મથી હૃદય નબળું પડી શરીરમાં બીજી ઘણી ખરાબી થાય છે.

કુકડવેલાના વેલા જોયા, ઉલટીને ઝાડા, તેનો ઉકાળો પીવાથી

Scanned with CamScanner

થાય છે. બ્લડ પ્રેસર એકદમ નીચે લાવે છે કવીનાઈનથી ૧૦ ઘણું કડવું હોય છે મેલેરીયામાં એનો ઉકાળો પીવાથી ફાયદો થાય છે.

ઉમરડાંને થડમાંથી ફળ લાગે છે જ્યારે ઉંબીયાને દ્રાક્ષની માફક ફળ લાગે છે અત્યંત ગળ્યા ટીંબરૂ જેવાં ફળ ખાતાં લાગે છે આલુ ને આંટ મારે એવું ફળ હોય છે.

કરમદાના નાનાં વૃક્ષ જેવાં થાક ઉતારનાર તરસ મટાડનાર છે.

આગળ ચાલતાં રાજસ્થાનની સરહદમાં જતાં વાંસના જંગલ જોયાં વાંસના ફળ તોડતાં તેમાંથી ચોખા નીકળ્યા ડાયાબીટીસનો આ ચોખા રામબાણ ઇલાજ છે.

વાંસમાંથી વંશ લોચન પણ થાય છે.

વનસ્પતિઓનો પ્રમેહ જેવા રોગમાં કેવો ફાયદો થાય છે.

અબરખના પત્થરો અહિં પુષ્કળ પ્રમાણમાં પડેલા છે.

તા. ૩ જીએ સવારે હરણાવ કેનાલના શ્રી પટણી સાહેબ સાથે પરોસડા થઇ ફુલવાડી જવા માટે નીકળ્યા. પહાડોની વચ્ચે એ ખીણમાંથી જાણે પસાર થતા હોઈએ તેવી રીતે ત્રીસેક માઈલ આવ્યા પહાડોમાં અસંખ્ય વનસ્પતિઓ વસંત ઋતુનું ભાન કરાવતી હતી.

હરણાવ બંધથી પરોસડા આવતાં એ વૃક્ષો જોયાં. અરીઠાનું બહુ સુંદર વૃક્ષ જોયું જે પાછળના ચિત્રમાં બતાવ્યું છે. અરીઠાના પાંદડા સુંવાળા રેશમ જેવાં ને તેનું ફળ ખખડાવીયે તો ખખડે છે તે હલકું હોવાથી આકાશીય તત્વ તેમાં વધુ છે તેથી તે ઉલ્ટી કરનારૂં છે. અહિંના લોકો સાપ કરડ્યા ઉપર તેની ફાકી ફકાવી ઉલ્ટી દ્વારા ઝેર બહાર કઢાવે છે.

રસ્તામાં કરપટાનું ઝાડ જોયું આમળાં જેવાં તેને ફળ લાગે છે ને લીમડાના આકારના તેને પાન હોય છે. આ ઝાડ વિષે નિઘંટુમાંથી થોડી શોધખોળ લાગે છે તેની સાથે એક ઝાડ હતું તેને કાંડા જેવી સફેદ જાડી વેલ લાગેલી હતા તેને વેવલીની વેલ કહે છે.

રસ્તામાં મરડા સિંગી જોઈ તેનું ફળ મરડવાળું આમળોટ દીધેલા જેવું છે અને તે ચૂંક આવીને થતો મરડો મટાડવામાં અહિંના લોકો વાપરે છે.

જામફળ જેવા પીળા સોપારી જેવાં જે ખાવાથી માછલીયો મરી જાય છે. તે ઝેરી ફળ પણ જોયાં.

કણુજીના ઝાડ તો આપણે ઘણા જ જોવા મળે છે પરંતુ કણુજી ખાસ જોવા જેવો છે. તેનું ઝાડ મોટું ખૂબ છાંયડો આપીને તે ઘટા ગુમ્મ હોય છે. કણુજીથી તેના પાન સ્હેજ નાના હોય છે. તેને દોઢેક ઈંચ લાંબાં શીંગ લાગે છે. જેમાંથી એક ગોળ બી નીકળે છે. જ્યારે કણુજીને જે ફળ લાગે છે. તેમાંથી કણુજીયું તેલ નીકળે છે. કણુજીના ફુલો આસમાની રંગના ને ના ઇંચ લાંબા હોય છે ને બહુ સુંદર દેખાય છે.

એક વસ્તુ હું ચોક્કસપણે કહી શકું છું કે મનુષ્યના રોગો માટે વપરાતી ૪૦૦ થી ૫૦૦ વનસ્પતિઓના બગીચો બનાવવાને માટે આ ભાગ સ્પેશીયલ બનાવેલો હોવો જોઈએ અને તેમાં વનસ્પતિઓના બી, કલમો વિગેરેનું રિતસરનું વાવેતર પ્રથમ કોઈએ કરેલું હોવું જ જોઈએ. કારણ કે તે આ ભાગમાં આજુબાજુ પહાડો હોવાથી આ બગીચાની નીચે નર્યું, પાણી જ ભરેલું છે જેને પરવીઅસ લેવર ઓફ અર્થ કહે છે તેથી ભર ઉનાળામાં પણ કાપી નાંખેલાં જાડા થડીયાંને પણ બહુ કુમળાંને જોરદાર ફણગા ફુટે છે ભગવાન ધન્વન્તરીના વખતથી આ બ્રહ્માની ખેડના બગીચાની શરૂઆત થઈ હોય એમ લાગે છે. કાંચનની વ્યવસ્થાએ અને આંકડાની ગણતરીવાળી રાજ્યે મનુષ્યને જીવતી રાખનાર આવી અમૂલ્ય વનસ્પતિઓનો કોલસાનો વેપાર માટે કોન્ટ્રેક્ટ આપી નાશ કરાવે જ જાય છે. તેનું ફળ તેમને મોટી-સુપ્રીમ કોર્ટ આપશે જ! અમેરિકામાં જો આ વનસ્પતિનું ફોરેસ્ટ હોત તો તેમાંથી એક પણ પાંદડું તોડનારને પોલીસ જેલમાં પૂરતે ને સ્ટેટ દ્વારા હજારો સુંદર વનસ્પતિઓના ફળ, ફુલ વિગેરે પ્રજાને ઉપયોગી થાય તેવી વ્યવસ્થા કરતે.

સોના ઘાટીનો રસ્તો ખરેખર નમસ્તે સોના જેવો જ છે.

હળદરવાના ઝાડ અમે રસ્તે જોયાં તેનું લાકડું મિલોનાં બોબીન માટે વપરાય છે.

ખાટ ખટુંબાનો વેલો અમે રસ્તે આગળ ચાલતાં જોયો. જે આંબલી કરતાં વધો ખાટો છે.

બીડી બનાવવા માટે વપરાતા પાંદડાના વૃક્ષો ટિંબરવા અને આસોતરો (ઝેંઝી) ઘણા પ્રમાણમાં અહિં છે. એરિંગ જેવાં આકારના પીળાં ફૂલનાં ઝુમખાં સહિત લાલ લિલાં, પીળાં, રંગ બે રંગી ગરમાળાના વૃક્ષો અહિં ઘણા જોયાં. થોડીક તે લાંબી કાળી લટકતી સિંગો અમે તોડી. ગરમાળાનો ગોળ અહિંના લોકો પણ જુલાબ માટે વાપરે છે બહુ જ મૃદુ રેચ તરીકે વાપરે છે બહુ મજબૂત થડ જે ધવ કહેવાય છે તે પણ અહિં છે તેનો કોલસો પાડવાનો અહિં મોટો ઉદ્યોગ છે.

જ્યારે એક મોટા વડના વૃક્ષની પાસેથી અમે પસાર થયા ત્યારે જાણે એરકન્ડીશનમાં બેઠા હોઈએ એવું લાગતું હતું. એવું ઠંડક આપનાર ગીચ, સુગંધિત પવન વાળું અને આકર્ષક જંગલ એ હતું.

મેજર બસુએ વનસ્પતિની પ્લેટોના ચિત્રો તો બહુ સારાંજ આપ્યાં પરંતુ તેના નામો લેટીન ભાષામાં આપ્યાં છે. આ વિષયમાં લખાયેલાં પુસ્તકોના લેખકો પણ આજ વર્ગીકરણમાં પડેલા છે એટલે કાળી પાટ આપણે જોવી હોય ને સમજવી હોય તો આપણે તેનું લેટીન નામ તથા અંગ્રેજી નામ જાણવું પડે તેનો નેચરલ ઓર્ડર પણ જાણવો પડે એટલે આપણે જ્યારે આ વનસ્પતિઓના વૃક્ષો જોતા હોઈએ ત્યારે મેજર બસુ ના કે જય કૃષ્ણ ઇન્દ્રજીતના રેફરન્સ ખપ લાગતા નથી કારણ કે વટાદિ વર્ગ, ગુડુચ્યાદિ વર્ગ, આમ્રાદિ વર્ગ એ બધા વર્ગો પ્રમાણે એ લોકોનું વર્ગીકરણ ફરી ગયું છે. એટલે પશ્ચિમ તરફના વર્ગીકરણમાં આપણી વનસ્પતિઓને બેસાડવા જાય છે. એથી ખાસ કશું સમજાયું નથી. બસુના પુસ્તકોમાં હિન્દી નામ નથી. જેથી આ માથાકુટ કરવી ઉભી જ રહી છે અને એટલા માટે મારે આટલો લાંબો પ્રવાસ ખેડી વનસ્પતિઓનાં પ્રત્યક્ષ દર્શન કરી આ પુસ્તક લખવા પ્રેરાયો છું જે જનતાને તથા વૈદ્યોને ઉપયોગી નીવડશે.

બપોરના એકાદ વાગે પહાડો; ખાણો ઓળંગવા અમે લવારી ગામે પહોંચ્યા જેના સામે લીલાંબર બાવજીનું મંદિર છે. લીલાંબર બાવજી સામે હાડનો ડુંગર છે આ બેની વચ્ચેનો પ્રદેશ અનેક અમુલ્ય આયુર્વેદની ઔષધીઓથી છવાયેલા છે.

પાનરવા અને ફૂલવાડીથી પાછા ફરતાં રસ્તામાં સાબરમતિ નદિમાં અત્યંત મોટા પત્થરો જોયા. પાણી સ્વચ્છ અને મધુર હતું. ભૂખ લાગી

હતી ત્યાં રસોઈ કરી આરામ લેવા નક્કી કર્યું અહિંથી આગળ જતાં કોટડા છાવણી અંગ્રેજોએ નાંખેલી હતી.

બીડાદરા પણ સાબરમતી પાસે આવેલું છે ત્યાં અમે બાવચીના છોડ જોયા. કોઢ મટાડવામાં હું એનો ઉપયોગ કરું છું અને સારો ફાયદો કરે છે.

ત્યાંથી પાછા ફરતાં લવારી ગામે આવ્યા. તરસ લાગી હતી. પાણી પીધું. લીલાધર બાવજીનું અહિં પહાડમાં મંદિર છે. માનાર્થે અહિં બાવજી શબ્દ નામ આગળ વાપરવામાં આવે છે. એની સામે હાડનો ડુંગર છે. તળેટીમાં ગીચ ઝાડી છે. લીલું છમ લાગે છે આંખને બહુ ગમે છે.

ઈડર રાજ્ય વખતે અહિંના ભિલો દેવની બાધા માનતા કે જો મારૂં કાર્ય થશે તો એક ડુંગરો સળગાવવામાં આવશે. પરિણામે બીજે વર્ષે ડુંગરો સારી રીતે ખીલેલા માલમ પડતા આવી કુદરતની કળા અજાયબી જોઈ આનંદ થયો, અને શોક પણ થયો.

ભીલોનો મુખ્ય ખોરાક મકાઈના રોટલા, છાસ ને મરચું ચટની ખાસ ખાય છે. માંસાહારી પણ છે. પરમાયો ચાંદીનો રોગ યુવાન છોકરા–છોકરીઓમાં ચારે બાજુએ ફેલાયેલો છે. કુંવારી છોકરીને ગમે તે ભીલ ઉપાડી જઈ પત્ની તરીકે પોતાના ઝુંપડામાં બેસાડી દઈ શકે છે. માબાપો પણ પરણાવે છે. પરણ્યા પછી એ છોકરીની સામે કુદરતીજ બીજાથી જોઈ શકાય નહિ. એમ ભીલો માને છે.

છોકરા–છોકરીઓ જંગલોમાં છૂટથી હરી ફરી શકે છે. પ્રસન્નતા હોય છે. માબાપો જાણે છે છતાં એ અંગે આંખ આડા કાન કરે છે. પરિણામે ચાંદી વગેરે ચામડીનાં દર્દો ઘેર ઘેર જોવામાં આવે છે આ અજ્ઞાનતાનું પરિણામ છે.

ભીલસ્ત્રીઓનું ઘરમાં વર્ચસ્વ હોય છે. નાતરે જવાનો રિવાજ હોય છે. છૂટા છેડા લઈ બીજાને પતિ કરી શકે છે. પતિ પણ બીજી પત્ની કરી શકે છે.

આ લોકો માંસાહારી છે એથી તેઓ તથા તેમના બાળકો વિષયી બહુ હોય છે. પરિણામે અશક્ત દુબળા ને ચાંમડીના દર્દોવાળા હોય છે. પૈસાથી તેઓ લલચાઈ જાય છે. મોરાલીટી એમનામાંથી અજ્ઞાનતાને લીધે ઓછી થતી જાય છે.

Scanned with CamScanner

શ્રી ઠક્કરબાપાએ ભીલ આશ્રમો આ જંગલોમાં નાંખી આ ભીલ પ્રજાને સુધારવા કેટલાક સુજ્ઞ કુશળ સેવાભાવી કાર્યકર્તાઓ મૂકી આ ગરીબ, અજ્ઞાન ભીલ પ્રજાને કેળવણી તથા સંસ્કાર આપી સુધારવામાં અમૂલ્ય સેવા કરી છે. આ પ્રજા કેળવાશે તો દેશને જરૂર ઉપયોગી થશે. કોઓપરેટીવ એજીઝ ઉપર એમનો માલ લેવામાં આવે ને યોગ્ય વળતર આપવામાં આવે તો તેઓ સુખી થાય. તેમને પૈસા કોઓપ-ટીવ બેંક મારફતે મળે તો તેમનું દરેક રીતે શોષણ થતું અટકે.

ભગવાન ચરકે મૂલિનિ, ફલિનિ, લતાઓ અને ઔષધિ વગેરે જે વાપર્યું છે તે તમામ આ સાબરકાંઠાના એ રાજસ્થાનના જંગલોમાં જણાય છે બ્રાહ્મીના પાંદડા જેવા વેલા અનેક ઝાડોને લપેટાઈ રહેલા છે ફૂલ વગર ફળ આવે તેવી, ઉમરડો, દોડી, બીલી, વડ, પીંપર જેવી અનેક વનસ્પતિઓ અમે જોઇ.

ફૂલ થઈને ફળ આવે જેવી કે ઇન્દ્રજવ, ખાખરો, અર્જુન, જેવી વનસ્પતિઓ પણ જોઈ.

અહિંના આંબા બહુ મોટાને ઘટાદાર હોવા છતાં કેરીનું ફળ બહુ નાનું જોયું પરંતુ કેરી અત્યંત મીઠી લાગી.

આયુર્વેદના બગીચા તરીકે આ એરીયા ખાસ પ્રોટેકટ કરવો જોઇએ. એથી એકલા ગુજરાતને નહિ પણ આખી દુનિયાના સ્વાસ્થ્યને લાભ થશે એવી મારી ચોક્કસ ખાત્રી છે.

અહિંની આદિવાસી પ્રજાને રાજસ્થાનમાં આવેલી ફૂલવાડીનો પહાડ જોવા જતા હતા ત્યારે ટીપુર ગામ આગળ અમે અહિંની મૂળ પ્રજા જોઈ. છોકરીઓ સશક્ત, ઘઉંવર્ણી, લોહિયાળ, ચપળ અને તેજસ્વી આંખો વાળી હતી.

યુરોપીયનોએ અહિં કોટડા ગામ આગળ મીલીટરી કેમ્પ નાંખેલો. આદિવાસી પ્રજા ઉપર પણ લોહીમાં વર્ણશંકરતા ઉત્પન્ન કરવામાં અંગ્રેજોએ ઓછો ભાગ ભજવ્યો નથી. પરિણામે ઉપદંશ (ચાંદી) નો રોગ મેં અહિંની આદિવાસી પ્રજામાં જોયો ત્યારે મને આશ્ચર્ય થયું કે આવા કુદરતને ખોળે રહેનાર પ્રજામાં આ રોગ કયાંથી ?

Scanned with CamScanner

આદિવાસી પ્રજા માંસ જરૂર ખાય છે પણ હૃદયની ક્રૂરપણ નથી, એ લોકો પાસે તીરકામઠાં બહુ સારાં પ્રમાણમાં જોવા મળે છે.

આ આખા જંગલને નંદનવન કહેવામાં આવે છે. મહારાણા પ્રતાપ જેવાઓએ સ્વમાનથી સ્વતંત્ર રીતે જીવવા માટે મુસ્લીમોને શરણે ન થતાં આ જંગલોમાં દીવસો ગાળેલા.

અમારો ભોમિયો છત્રો અહિંથી મંડૂકપર્ણી—બ્રાહ્મીના છોડ લાવેલો. ને કહેતો કે શહેરમાં મળે છે એ બ્રાહ્મી સાચી નથી. આ ખરી બ્રાહ્મી છે એને સત—બ્રાહ્મી અહિંના લોકો કહે છે ચિત્તની સ્થિરતા લાવવા માટે (ગાંડપણમાં) તે ઘણી ઉપયોગી છે અને સંતોષકારક પરિણામ લાવે છે.

જાનવરોમાં ગાયો તેજસ્વી જણાય છે. ઉંટ અને બકરાં પણ પૂરતા પ્રમાણમાં છે. વાઘ, સિંહ, રીંછ કોઈક જગ્યાએ હોય છે.

અનેક જાતના ફૂલો જેને બગીચામાં ઉછેરતાં ઘણો ખર્ચ લાગે તેવાં નજરે પડે છે આખે રસ્તે ચાલતાં તેની સુવાસ આવ્યા કરે છે.

અમે રસ્તામાં મોટા મધપૂડા જોયા મધની આઠેય જાતો જે સુશ્રુતે લખી છે તે આ જંગલમાંથી મળી શકે છે.

હિમાલયમાં અરડુસાના જંગલો જેમ મેં જોયાં તેમ અહિં ઇન્દ્રજવના જંગલો મેં જોયાં.

હિમાલયમાં જેમ દેવદારનાં વૃક્ષો ખૂબ પાસે પાસે ઉગેલાં છે તેમ અહિં ખાખરો અને મહુડાના વૃક્ષો ઉગેલા છે.

પિત્તપાપડો ખાખરાની સિંગમાંથી નીકળે છે તે આ પ્રવાસમાં પ્રથમ વાર મને જાણવા મળ્યું. મોંમાં નાંખતાં તે કડવો લાગ્યો. પિત્તના તાવનો આ રામબાણ ઈલાજ છે.

પહાડની તળેટીમાં બહુજ ગરમી લાગી છે પણ ઉપર ચડતાં તે ઓછી લાગે છે.

ઉધઈના રાફડાઓની માટી ઉરુસ્તંભ-ગોઠણપીડાના રોગમાં લગાડવાની લખી છે તે મેં અહિં બહુ સારા પ્રમાણમાં જોઈ. પાંચ-છ ફુટ ઉંચાઈના

Scanned with CamScanner

રાફડા મેં અહિં જોયા. અમુક રાફડાઓ લાલ માટીના હતા અને અમુક કાળી માટીના હતા.

શાલિગ્રામ નિઘંટુમાં પ્રમેહના રોગમાં વાંસના ચોખા ખવડાવવાનું લખેલું પરંતુ વાંસ ઉપર આ ચોખા જ્યારે મેં જોયા ત્યારે જ મેં ખરી વાત માની કે વાંસના ચોખા પ્રચૂર પ્રમાણુમાં માલમ પડે છે. બધા વાંસને તે હોતા નથી. વાંસ અહિં ખૂબ પ્રમાણુમાં જોવા મળે છે.

ગરમાળો, નેપાળો, રતનજ્યોત, નસોતર, હરડે, બહેડાં, આંબળાં, આ બધી સારક અને ઝાડા સાફ લાવનાર વનસ્પતીગો અહિં ઘણુા પ્રમાણુમાં છે.

હરણાવ કેનાલ બંધ પાસે પરોસડા ગામમાં એક મુસલમાન ભાઇની દુકાન હતી ત્યાં ઘઉં બાજરી, મકાઈ મળતી, અહિંની આદિવાસી પ્રજા વનસ્પતિઓ આપીને મકાઇ વિગેરે ખાવાનું અનાજ લઈ જાય છે. જ્યાં બ્રહ્માએ ખેડ કરી ત્યાંનાં જંગલોનાં ગામડાંમાં એક પણ હિન્દુની દુકાન નહિં એ ખૂબી છે પશુબળ દુનીયામાં શું કરી શકે છે તે તો મહમદ અરબ્બનીયે લખેલી તીબ્બે અકબર નામની તબિબી પુસ્તકની પ્રસ્તાવના વાંચવાથી ખબર પડશે.

જે ચીની મુસાફર હ્યુએનસીંગ નાલંદા જેવી હિન્દની યુનિવરસિટિમાં અભ્યાસ કરવા આવેલા ત્યારે ખેડબ્રહ્મા પાસે આવેલા વડાલી ગામમાં પણ તે આવેલો અને તેણે વડાલ'નું પોતાના પુસ્તકમાં વર્ણન કરેલ છે અત્યારે વડાલી મોટું ગામ છે. તેમાં શાકભાજી તથા માટલાં બહુ વેચાય છે. વડાલી મોટું ગામ છે. પહેલાં તાલુકો હતોઃ–

શામળાજીમાં આદુનો પાક સરો થાય છે. જંગલનો વેપાર વ્હોરા કોમના હાથમાં ઘણો હોવાથી બ્રહ્માના આ સર્જન સ્થાનમાં પણ વનસ્પતિ સુધારનાર અને વધારનાર દ્રવ્ય જણાતું નથી પરંતુ આર્થિક ઉત્પત્તિનું સ્થાન જણાય છે.

ટીંપુરથી લવારી ગામ જતાં રસ્તામાં કણુજી, પીપળો, ઉમરડો વિગેરેના ફોટા લીધા અને સાબરમતિ નદિને કિનારે અડદની દાળ અને બાટી બનાવી ખાધી. વ્રજના ચોરાસી કોષની પરિક્રમા જ્યારે મેં પગે ચાલીને કરેલી ત્યારે મેં આવી બાટી ખાધી હતી. અડાયા છાણા સળગાવી ભઠ્ઠા બનાવી ઘઉંના લોટની કણુક બનાવી, બટાકા જેવા ગોળા કરી અગ્નિના શેકી ઉપર

Scanned with CamScanner

છાણાની રાખ દાબી માટી બાટી બનાવો. મટલામાં અડદની દાળ બનાવી. કેરી અને કરમદાની સ્વાદિષ્ટ અને રૂચિકર ચટણી બનાવી. સવારના ગયેલાને સાંજે ચાર વાગે ખાવા મળ્યું ત્યારે અમારા મિત્ર શ્રી પટણી સાહેબે કહ્યું કે--

"ભૂખ ન જૂએ ટાઢી ભાત
ઉંઘ ન જૂએ તૂટી ખાટ
ઇશ્ક ન જૂએ જાત કજાત."

ખેરસાલના વૃક્ષોમાંથી ખેરસાલ અને કાથો જુદી રીતે અહિં બનાવવામાં આવે છે. ખેર સાલ એ ખેરના ઝાડનો ગુંદર છે તેને ઉખેડી વીણીને કાથોડીયા ભીલ લોકો ભેગો કરી વ્હોરાને મકાઇના ભારોભાર આપે છે જે રૂપિયે તોલો બજારમાં વેચાય છે.

ખેરના ઝાડોનું અહિં જંગલ છે. એનો કાથો પુષ્કળ પ્રમાણમાં અહિં બનાવવામાં આવે છે ને તેને લીધે અહિં લાખો રૂપીયા આપી મુસ્લીમ વેપારીઓ જંગલોના જંગલો કોન્ટ્રેકટથી ખરીદી પુષ્કળ પૈસા કમાય છે. ખેરસાલ અને કાથો એ અહિંયા નજીવી કિંમતે ભીલ કોમ પાસેથી લઈ શહેરોમાં વેચે છે. આ ઉપરાંત મધ, ધોળી મુસળી, લાખ, કડાયાનો ગુંદર ખેરસારનો ગુંદર, ડોળીયું બનાવવાના બીયાં, જેવી કિંમતી વનસ્પતિઓમાંથી પુષ્કળ પૈસો વેપારીયો પેદા કરે છે.

કોલસાનો અહિ મુખ્ય ધંધો છે. કોલસા બનાવવા માટે કોન્ટ્રેકટરોને માઈલોના માઈલો સુધી જંગલો ઉચ્ચક રકમ લઈ સરકાર આપે છે. આ વેપારીઓ ગમે તે ઝાડને કાપી તેના કોલસા બનાવી લાખો રૂપીયા પેદા કરે છે. ખરૂં જોતાં ઉપયોગી અને સ્વાસ્થને વધારનારી વનસ્પતિયો કપાઈ ન જાય તેની સરકારે કાળજી રાખવી જોઈએ.

ભારતના નસિબે અંગ્રેજોએ એરીયલ સર્વે અહી કરી ત્યારે બ્રહ્માના આ ઔષધિયોના બગીચાને ખરાબા તરીકે જાહેર કર્યો અને તેની સર્વે ન થઈ એથી આ વનસ્પતિઓ બચી જવા પામી છે.

અમેરિકામાં જંગલની સર્વે કરવામાં આવે છે. જંગલોની વચમાં મોટાં એલામ' ટાવર હોય છે. પાણીના બંબા હોય છે અને તેનું એક પણ

Scanned with CamScanner

પાંદડું તોડનારને પોલીસ લોક-અપમાં મૂકી દે છે એમ અમારી સાથેના શ્રી પટણી સાહેબે કે જેઓ અમેરિકા જઇ આવ્યા છે તેમણે અમને કહ્યું.

વેપારીઓ પચીસ-પચાસ રૂપિયા આગળથી ધીરી આ જંગલોમાં વસતી ભોળી પ્રજાને એમના કબજામાં લે છે મારા મિત્રે મને જણાવ્યું કે અહિંના મુસ્લીમ વેપારીયો પહેલાં ધોળી મુસળી લઇ બદલામાં ભારોભાર મીઠું આ ભોળી ભીલ કોમને આપતા ને પછી એ મુસળીને ચાર-પાંચ રૂપિયે શેર વેચતા.

આ ભિલ પ્રજા કહે કે-શેઠ થોડું મીઠું વધારે તો આપો! ત્યારે વેપારી કહે કે અરે! ગામર! તને ખબર છે કે મીઠું ક્યાં પાકે છે? મીઠું લેવા માટે અમારે છેક દરિયામાં જવું પડે ત્યારે મીઠું મળે છે. જ્યારે તું તો મૂશલી સામેના જંગલમાંથી લાવે છે. એટલે તારે કંઇજ ખર્ચ ન આવે અમારે દરિયામાં જતાં કેટલું ખર્ચ આવે? ત્યારે ભીલ કહે છે 'હા બાબજી એ વાત ખરી છે, ભલે તમને ઠીક લાગે તેટલું મીઠું આપો ને આ મૂશળ લ્યો. આ છે આપણી ભોળી પ્રજાની અજ્ઞાનતા અને આ છે આપણી વખણાતી વેપારી બુદ્ધિ! આવુ શોષણ જોઈ વનસ્પતિઓ જોવાના આનંદ સાથે સાથે દુખપણ ખુબ થયું. પણ શોષણ અને શાસન બન્નેય વિકાસને આડખીલી રૂપજ છે. ગુલાબ અબ્બાસ અકબર અલીએ અહિંના જંગલો રાખ્યાં છે. તેથી મુસલમાનના ઠેકા હોય છે. આ મેવાડના જંગલો ભવ્ય અને ચેતનવંતાં છે. આ જંગલોનાં ખેરનાં વૃક્ષો ઘણાં જ છે તેની છાલ પ્રથમ કાઢી નાખે છે અને અંદરના ગર્ભના ટુકડા કરી હાંલ્લીઓમાં ઉકાળી કપડાંથી ગાળી લીધા બાદ કાથો કપડામાં રહે છે. પાનમાં ખાવાને આ કાથો ખાસ વપરાય છે.

ધાવડીનાં ફૂલ રંગાટી કામમાં અહિંના લોકો વાપરે છે આપણે ત્યાં દ્રાક્ષાસવમાં આથો લાવવા માટે ધાવડીનાં ફુલ વપરાય છે.

ધવના ઝાડના કોલસાના અહિ મોટા ઉદ્યમ છે. એ કોલસા વધું પોચા હોય છે.

પરોસડા ગામમાં ગયા ત્યાં એહમદજી ઇબ્રાહિમ ચાંદની વાલાની દુકાન હતી તેમાં આદિવાસીઓ જંગલની વસ્તુઓ ડોળ, સુંદર વીણી લાવી આપતા અને બદલામાં મકાઈ જેવી ખાવાની વસ્તુઓ લઈ જતા દુકાનની આસ-પાસ, અરીઠાં. ઉબાંયો, ઉમરડો વિગેરેનાં સુંદર ઝાડ જોયાં.

Scanned with CamScanner

અમારી સાથે લવારી ગામના મુખી ખુમા રૂપા ભોમીયા તરીકે આવ્યા હતા. કારણ કે હેંગટીઆના મુખી છત્રાજીને ચક્કર ચઢવાથી તેઓ અમારી સાથે આવી શકયા ન્હોતા. છત્રાજીને વનસ્પતિઓ ઓળખવાની તથા તેને કયા રોગમાં યોજવાની છે તેનું જ્ઞાન ઘણુંજ સારૂં હતું એમના ગામડી વનસ્પાતઓનાં નામો સાથે આપણા સંસ્કૃત નામો ઘણાં ખરાં મળતાં આવે છે જેમકે નસોતરને તેઓ તરવટ કહે છે સંસ્કૃતમાં ત્રિવૃત્ત કહે છે. એ વેલાને અમે નજરે જોયો. તો તેને ત્રણ ધારોજ હતી.

છત્રાજી જંગલોમાંથી મુળાડીયાં ખોદી લાવી દરદીઓને ઘસીને પાય છે ને આરામ થાય છે. ગાંઠો ઉપર લગાડે છે ને ગાંઠો ઓગળી જાય છે. ઘા ઉપર લગાડવાથી ઘા રૂઝાઈ જાય છે એની પાસે ડીગ્રી નથી છતાં રોગ મટે છે માટે મારા ગુરૂ કહે છે કે જ્ઞાનની માપણી કોણ કરે ! ગાંગો નાળો તેજ ગોળાવ કહેવાય ! જેને રોગ મટાડતાં આવડે તેજ વૈદ્ય.

લવારીથી આગળ ઘોર જંગલમાં પંદરેક માઈલ પસાર થઈ ટીપુર ગામ તરફ આવ્યા. ત્યાં આદિવાસી માણસો જોયાં. તેઓએ કહ્યું કે છપનાના દુકાળમાં ગામના લોકો અહિંથી ચાલી ગયા છે. પુરૂષો દુબળા, સ્ત્રીઓ મજબુત અને હોંશીયાર લાગી.

પુરૂષો અને છોકરાઓ કાળા, વધેલાં પેટવાળા, શ્વાસવાળા, બરોળ વધેલા, દુબળા અને ગભરાતા લાગ્યા. પણ સાવ જંગલમાં રહેતો ભીલ મૂછો વાળો, બાણ ને તીર સાથે ભરાવદાર અને તેજસ્વી લાગ્યો સ્ત્રીઓ રૂપાળી આકર્ષક અને બુદ્ધિશાળી છે.

અહિં સાબરનું પાણી અસંખ્ય નાના મોટા પત્થરોમાંથી ગળાયેલું, સ્વચ્છ, મધુર અને આરોગ્યપ્રદ લાગ્યું. મોટા થડવાળા અને ઉંચા સુંદર આંબાના વૃક્ષ નીચે આરામ કર્યો. ભીલની પાસે વાંસમાંથી બનાવેલાં સુંદર તીર ને કામઠાં હતાં. અમે સારી રીતે ચલાવી જોયાં.

હાથમતિ મળ્યા પછી જ સાબરમતિ કહેવાય છે. અહીં સાબરમતિને સોમ યા સાબર કહે છે. ખેડબ્રહ્માથી આશરે પચાસ માઈલ ફરતા ફરતા અમે સાબરમતિને કિનારે ફૂલવાડીના જંગલમાં આવ્યા. ફૂલવાડીમાં બાહાં, વનસ્પતિઓ તથા સુગંધીદાર ફૂલોનો ગીચ બગીચો કુદરતી રીતે જ બનેલો છે.

Scanned with CamScanner

મહારાણા પ્રતાપ પાનરવા પાસેના આ ફુલવાડીના જંગલોમાં છૂપા વેશે ત્રીસ વરસ રહેલા. ઉદાર ભામાશાએ તેમને આ ફુલવાડીમાં નાણાકીય મદદ કરી અને પ્રતાપે અહીંના આદિવાસી ભીલોનું લશ્કર તીર કામઠાં સાથેનું ભેગું કરીને કેળવ્યું, અને ઉદેપુર ઉપર ચઢાઈ કરી ઉદેપુર પાછું મેળવ્યું હતું.

આ જંગલોમાં મહારાણા પ્રતાપ ભીલ થઈને રહેલા. પારાવાર મુસ્કેલીઓ અને દુઃખ તેમને સહન કરવું પડેલું ધન્ય છે એમની વીરતા અને સહનશીલતાને! લડાઈની સંધિ કરવા અકબર બાદશાહ સાધુ વેશે મહારાણા પ્રતાપને મળવા માટે આ ફૂલ વાડીના જંગલમાં આવેલા પ્રતાપને ખબર પડી કે. અકબર બાદશાહને કોઈ મારી નાંખશે એટલે અકબરને પ્રતાપે કહ્યું કે સામેના ખાનગી રસ્તે તમે ચાલ્યા જાઓ. અકબર પ્રતાપની ઉદારતા તથા દુઃખ વેઠવાની સહનશીલતા જોઈ કશું બોલ્યા વિના ત્યાંથી દીલ્લી ચાલી ગયો.

મહારાણા પ્રતાપને એમની જીંદગીમાં દુઃખથી કદી આંખમાં આંસુ આવ્યાં નહોતાં. પરંતુ પોતાના બાળકોના હાથમાંથી દિવસોના ઉપવાસ બાદ મળેલ રોટલો જ્યારે બિલાડી ખૂચવી ખાઇ જાય છે અને આ પ્રસંગ પ્રતાપ નજરે જૂએ છે ત્યારે એની આંખમાંથી આંસુ સરે છે કે મેવાડના મહારાણાની આ દશા!

ફુલવાડીનું આ જંગલ ત્રણેય બાજુ પહાડોથી રક્ષાયેલું છે. એની બહાર નીકળતાં સાબરમતી વિશાળ પટમાં પથરાયેલી છે. પાનરવાના ઠાકોરની માલિકીનું આ જંગલ છે. મહારાણા પ્રતાપને એમણે આ જંગલમાં છૂપા રાખવામાં મદદ કરેલી તેથી પ્રતાપે તેમને રાણાનો ઇલ્કાબ આપેલો.

ફુલવાડીનું આ જંગલ જોવા લાયક છે. સ્વાતંત્ર્ય પ્રેમી મહારાણા પ્રતાપની યાદમાં અહિં આપણી સરકારે એની યાદ પ્રજાને રહે અને પ્રેરણા મળે એ માટે એમનું કાયમી સ્મારક કરવું જોઈએ.

ફુલવાડીમાં ચારે બાજુ ઉંચા પહાડને ગીચ વનસ્પતિઓ વચ્ચે લાંબુ

Scanned with CamScanner

મેદાન છે. એમાંથી અનેક ઝરણાંઓ વહ્યા કરે છે. એમાંથી ભીલ લોકો પાણી વાળી કેનાલ બનાવી ખેતી કરે છે.

ફુલવાડી પહાડમાં ઉંચે એક વિશાળ ગુફામાં છે જેમાં મહારાણા પ્રતાપ અને એમને મદદ કરનાર એક સાધુ રહેતા હતા.

ફુલવાડી પાસે પાનરવા વચ્ચે સાબરમતિને સામે કિનારે માનપુર ગામ છે. અહિં પોલીસ થાણું છે.

ફુલવાડીમાં પ્રવેશતાં અમારા ભોમીયા છગનભાઈએ માતાજીની જગ્યામાં નાળીએર વધેર્યું. તેઓ કહે કે શ્રીફળ સારૂં નીકળે તો જ અંદર જવાય નહિ તો ભય ગણાય છે.

સ્વમાની અને સ્વાતંત્ર્યપ્રિય મહારાણા પ્રતાપે અનેક પ્રલોભનો મળવા છતાં મુસલમાનોને નમતું ન આપ્યું. મહેલો છોડયા અને બુરા હાલે આ જંગલોમાં ભટકયા. આવા જંગલો જોવાનું ભાગ્ય મને સાંપડી પ્રેરણા મળી અહિં ખૂબ ખાખરાનાં ઝાડ છે અને તેમાંથી પણ સુંદર બનાવાય છે. સાંજના અમે થાકેલા માંડ પરોસડા ગામ તરફ પાછા વળ્યા. બીજે દિવસે અમે ધડિંવાવ પહાડ તરફ ગયા. તે ચીનની દિવાલની માફક ઉપરથી એક સરખી સપાટીવાળો સુંદર મનોહર દશ્ય આપે છે. તેની વચમાં એક ગુપ્ત રસ્તો ઇડર સ્ટેટના વખતનો છે તેમાં ભર જંગલની વચમાં ટાવર જેવો એક બુરજ ઉભો કર્યો છે. અહિં રાજાઓ તથા યુરોપીયનો શિકાર માટે આવતા. આ જંગલમાં પહાડની વચ્ચે આમળાંના લીલાં છમ જેવાં અનેક વૃક્ષો, ખેર, કોઠી, શેમળો, ખાખરો, ઇંદ્રજવ. અર્જુન, પારિજાતકના વૃક્ષોથી ભરપુર છે.

આ બાજુના જંગલોમાં મેં ખૂબી તો એ જોઇ કે માઇલો સુધી પરિજાતકનાં સુંદર છોડ તો માઇલો સુધી નગોડના ઝાડ તો માઇલો સુધી અંકોલનાં ઝાડ તો માઇલો સુધી એકલો ખાખરો તો માઇલો સુધી કડાનાં કુંલથી શોભતાં સુંદર વૃક્ષો છે.

આ બાજુના વાંસ ઘણા જ સુંદર હોય છે. વાંસના ચોખા જે

Scanned with CamScanner

પ્રમેહવાળાને ખાવાને શાલીગ્રામ નિઘંટુ લખે છે તે ખૂબ જ પ્રમાણમાં છે. કુણા વાંસનું અહિંના લોકો અથાણું ખાય છે બરમામાં રામપુર સરહદે જ્યારે હું ગઈ લડાઈમાં ગયેલો ત્યારે મ્હેં મોટા પરિઘ વાળા તંબુમાં વપરાતા વાંસ જોયા છે. રામપુર જેવાં જ વાંસનાં જંગલો ભરપુર મ્હેં અહિ જોયાં ત્રીજે દિવસે સાંજના ગલોડા ગામથી આગળ જતાં પરોલા તળાવે અમે ગયા. આ તળાવની ત્રણેય બાજુ મોટા પહાડો છે અને એક બાજુ દુકાળ રાહત માટે ગલોડાના હાકોરે સુંદર પહોળી અને મજબુત પાળ બંધાવી છે; આ તળાવમાં કુદરતી રીતે જ ગુલાબી, આસમાની રંગના પાણીની સપાટીથી બે હાથ ઉંચા ખીલેલાં કમળો અસંખ્ય પ્રમાણમાં અમે જોયાં. હિમાલયમાં તુંગનાથની ઉપરના કમળનાં સરોવર મ્હેં જોયેલાં અને કેદારનાથથી ઉપર પણ નીલ કમળનું સરોવર મ્હેં જોયેલું પણ આટલું સુંદર તે ન્હોતું. આયુર્વેદમાં પિત્તના રોગમાં કમળનો બહુજ સુંદર ઉપયોગ કરેલો છે કમળનું મધ પણ થાય છે. કમળ કાકડી અમે બાફીને ખાધી તો મગફળીના ઓળા જેવી લાગી. કમળની નીચે જમીનમાં જે મૂળ થાય છે તેનું શાક અહિંના લોકો ખાય છે આ તળાવમાંથી આયુર્વેદ પ્રેમી પ્રેમ શંકર ભાઈએ શેવાળનો છોડ લાવી બતાવ્યો. શેવાળના છોડની દાંડી ઉપર ગાંઠા અને નીચે શેવાળના તાંતણા હતા. આ છોડને એક સફેદ સુંદર ફુલ પણ લાગેલું હતું. શેવાળ ઘણી ઠંડી હોય છે. દાહના રોગોમાં ઘણોજ ફાયદો કરે છે.

કમળના દાંડાની નીચેનો ભાગ કે જે જમીનમાં હોય છે તેને અહિંના લોકો ઝીંડા કહે છે. કમલેશને ત્યાં અમે આ ઝીંડાનું શાક જમ્યા હતા. આ ઝીંડાને સીંધીમાં ભેં કહે છે.

કમળ કાકડીને કાઠીયાવાડમાં પબડી કહે છે એમ શ્રી હાથી સાહેબે જણાવ્યું. અને તેને P, W. D. સાથે સરખાવી. આ તળાવમાં શીંગોડાના પણ ઘણાજ વેલાને ફળ હતાં સિંગોડા ફક્ત પ્રદરમાં ફાયદો કરનાર છે.

પવનના ઝપાટા ઘણા જોરથી અહિં લાગે છે પવનની સાથે ધૂળ ઉડે છે. આ મુસાફરીમાં અમારે ધૂળ ખૂબ ખાવી પડેલી. શ્રી પટણી સાહેબ કે જેઓ મોટે ભાગે મુંબઈમાં જ રહે છે તેઓ આ ઉડતી ધૂળથી બચવા ઘણા પ્રયત્ન કરતા. અમારા આખા શરીર પર ધૂળ ધૂળ થઈ જતી.

Scanned with CamScanner

પરંતુ ભગવાનને અમારી દયા આવી હોય તેમ વરસાદે આવી ઉડતી ધૂળને દાબી દીધી !

આ કમળોથી ભરપૂર તળાવને કિનારે ગોરખ મૂંડી (બોડીઓ કલાડ) પુષ્કળ પથરાયેલ છે. તેલ બનાવવામાં તેનો ઉપયોગ કરવાથી મગજને બહુ ઠંડક આપે છે. એનાથી તેલનો રંગ સારો થાય છે અને તેલ સુગંધિદાર બને છે. સંસ્કૃતમાં ગો એટલે ઇન્દ્રીયો અને રક્ષ એટલે રક્ષા કરનાર. મુંડી એટલે માથું-ભાવાર્થ માથાની ઇન્દ્રિયોની રક્ષા કરનાર એજ ગોરખમુંડી- મારા ઋષિ મુનિયોની નામ પાડવાની કળા કેટલી સુંદર છે !

આ પટોલા તળાવની પાસે ગલોડા ગામ છે એને બાલમાં લક્ષ્મીપૂરા કહે છે. આ ગામના ખેડુતો પ્રેમાળ છે. રસ્તામાં એક શેરડીનું ખેતર આવ્યું. ત્યાં કોલુમાં શેરડી પીલાતી હતી. શ્રી નરેન્દ્રભાઈ અમને ત્યાં આગળ લઈ ગયા. શેરડીના રસમાંથી ગોળ કેમ બને છે તે આજે નજરોનજર જોયું. એક ખેડુત ભાઇએ અમને ખાટલો પાથરી આપી બેસાડ્યા ને અમારી સામે આખું માટલું ભરી શેરડીનો તાજો, મધુર અને સ્વાદિષ્ટ રસ મૂક્યો. અમે સૌએ રસ પીધો. અને અમારા કોઠામાં હેમ થયું. ત્યારબાદ કડાયામાંથી ગરમાગરમ ઢીલો ગોળ વડના પાનના પડીયા ભરી અમને આપ્યો. ગોળ ખારો વિશેષ હતો. બધાએ થોડો ખાધો મેં તો બીલકુલ લીધો નહિ કારણ કે નવો ગોળ કફ કર્તા છે. ત્રણ વર્ષનો જુનો ગોળ જ ગુણકારી છે. ગોળ ગરમ નથી પણ ઠંડો છે. આખી દુનિયા ગોળને ગરમ કહે છે એ કેવળ ભ્રમ છે કારણ કે શેરડી ગળી ને ઠંડી છે. કફ કરનારી છે એટલે શેરડીમાંથી ઉત્પન્ન થનાર ગોળના પણ શેરડી જેવા જ ગુણ હોય એ સ્વાભાવિક છે !

સાબરકાંઠાની પ્રજા પ્રેમાળ અને હેત રાખનારી છે. મહેમાન એમને આંગણે આવે એથી રાજી થાય છે. શહેરની માફક મોં બગાડતા નથી. અમે રસ્તામાં જ્યાં જતા ત્યાં ગરીબ ભીલ લોકો પણ અમને ખજૂરીનાં ફળ લાવી આગળ ધરતા. ભીલ સ્ત્રીઓ અમને જોઇ વિનય, વિવેક અને મર્યાદાથી ઉભી રહી માર્ગ આપતી અમે રસ્તે ભૂલા પડી જઇએ ને અવળે માર્ગે ચઢી જતા ત્યારે કોઈ પણ ભીલ યુવકને બોલાવીએ તો તે અમારી સાથે આવી એક ગામથી બીજે ગામ અમને મૂકી જતો.

Scanned with CamScanner

જંગલમાં વસતા જંગલી કહેવાય. એમને કેળવવાની જરૂર છે એમ આજની સુધરેલી અને શહેરોમાં વસતી પ્રજા માને છે પરંતુ એ ભૂલ ભરેલું છે. આ આદિવાસી લોકોને સુધારવા જેવું કશું નથી. એ તો આપણા અગાઉથી સુધરેલા ભીલ છે. વાલ્મિકિ ભીલ હતા તેમણે જ સમાજને સુધારવા તથા સૌ સૌના કર્તવ્યનો ખ્યાલ આપવા રામાયણ જેવો ગ્રંથ શ્રી રામના અવતાર પહેલાં લખી દીધેલો. એનીજ વારસદાર પ્રજા તેજ આ જંગલના ભીલ લોકો છે.

ગ્રામ્યપ્રજાનો પ્રેમ, વિનય, વિવેક અને વર્તન જોઈ અમને લાગ્યું કે શહેરમાં પૈસા છે પણ પ્રેમ નથી. ગામડામાં સાચો પ્રેમ છે. પૈસા માટેજ સૌ શહેરમાં જઈ વસે છે.

અહિં ભીલ-સ્ત્રી-પુરુષો બાળકો પણ અત્યંત પ્રેમાળ છે. આપણને જોતાં માન અને લાગણીથી જૂએ છે. તેમની પાસે ભરેલી કેરી અને કરમદાની ટોપલીઓ સાથે તે આપણી પાસે આવતા નથી. ડરે છે. કે પડાવી લેશે. એમ માની દૂર ભાગી જાય છે.

શ્રી પટણી સાહેબે એક ભીલ બાળકની પાસેથી થોડી કેરી અને કરમદાં લીધાં અને તેને એક રૂપિયો બદલામાં આપ્યો ત્યારે એ બાળક કે જે પહેલાં પાસે આવતાં બીતો હતો તે રાજી રાજી થઈ ચાલી ગયો. છોકરીયો પાસે ઉભી હતી પરંતુ તેઓ જરાયે ડરતી નહોતી.

હરણાવ નદિનો બંધ બંધાય છે. ત્યાં અંકોલના ઝાડ બહુ છે. અહિં તેને ઓકલો કહે છે. એનાં લાલ ચેરી જેવાં ફળ અહિંના લોકો ખૂબ ખાય છે મેં પણ ખાધા. પંચમહાલમાં સણસોલી પાસે મેસરી નદિને કાંઠે અમે અંકોલ ખૂબ ખાધેલાં. ત્યાર પછી અમને આ સાબરકાંઠામાં અંકોલનાં ફળ ખાવા અહિં મળ્યાં. બહુજ સ્વાદિષ્ટ લાગ્યાં. આ અંકોલ સોજા ઉતારવામાં વાપરેલ છે. એનાથી સોજા ઉતરે છે.

સાંજના ભાઈ જીતુ સાથે અમે વાગેશ્વરી પહાડ તરફ ફરવા ગયા. હરણાવ બંધથી લગભગ બે માઈલ દૂર અમે પહાડ પર ગયા. છેટેથી પહાડ વનસ્પતિ વિનાનો લાગ્યો પરંતુ ઉપર ચડતાં તે આખો પારિજાતક તથા અન્ય ઝાડોથી ભરપૂર હતો. પારિજાતકનું તો આખું વન આ હરણાવ બંધની

Scanned with CamScanner

પાસેના પર્વતો ઉપર ઊગેલું છે. ઉનાળામાં તે સૂકાઈ જાય છે પરંતુ ચોમાસું આવતાં તે ખીલી નીકળે છે. પહાડની તળેટીમાં ઇન્દ્રજવનાં ઝાડ ચાંદની જેવાં ફૂલોથી ખીલેલા અસંખ્ય પ્રમાણમાં પથરાયેલાં પડ્યાં છે.

પારિજાતકનાં ફૂલો જમીન પર નીચે પથરાતાં એક સુંદર ફૂલોની ચાદર આખા પહાડ પર બીછાઈ જાય છે અને કહેવાય છે કે ઇન્દ્રની અપ્સરાઓને જ્યારે નાચવાનું મન થાય છે ત્યારે તે પારિજાતકના ફૂલો ઉપર જ નાચવાનું પસંદ કરે છે.

ઇન્દ્રજવ પણ અહિં જમીનપર પુષ્કળ પ્રમાણમાં પથરાયેલા પડ્યા હોય છે. એને કોઈ વીણતું નથી કારણ કે ઇન્દ્રજવના ગુણની કોઈને ખબર નથી. કે ઇન્દ્રજવ બેસ્ટ ટૉનિક છે. બળ આપે છે. તાવ ઉતારે છે. મસા મટાડે છે. ઇન્દ્રજવ, સિંગોમાંથી સુંદર રેશમી પૂંછડીયો વડે ઉડીને બહાર પડે છે.

· જેમ મનુષ્ય જાતિમાં ગુણ અને કર્મ પ્રમાણે ચાર ભેદ છે. તેમ વનસ્પતિયોમાં પણ ગુણ અને કર્મ પ્રમાણે ચાર ભેદ છે.

(૧) ફૂલ વગર સાધાંગ ફળ આવે તે બ્રાહ્મણ વનસ્પતિ જેમકેઃ—પીપર, વડ, ઉંમરડો, કોઠી વિ. આને વનસ્પતિ કહે છે.

(૨) ફૂલ થઈને ફળ આવે તે ક્ષત્રિય વનસ્પતિ જેમકેઃ—આંબો, મહુડો, આંબલી, ઇન્દ્રજવ, ગરમાળો આને વાનસ્પતિ કહે છે.

(૩) વેલા વિગેરે થઈને ફળ આવે તે વૈશ્ય વનસ્પતિ જેમકેઃ—ગળો, પીપળ, વિગેરે.

આને—પ્રતાન કહે છે.

(૪) એકવાર ફળ આવે પછી તેનો નાશ થાય તે શુદ્ર વનસ્પતિ જેમકેઃ— ઘઉં, બાજરી, કોદરા, શામો વિગેરે, આને આયુર્વેદમાં ઔષધિ કહે છે.

આ ઉપરથી સમજાશે કે આપણે વરસોથી દાળ, ભાત, રોટલી, શાક ખાઇએ છીયે તે આયુર્વેદની ઔષધિ છે. બધું બદલાઈ ગયું છે, પરંતુ ખોરાક તો આપણો હજારો વર્ષ પૂર્વે જે હતો તેનો તેજ છે. માંસાહારની જરૂર નથી. માંસાહારથી થોડા શક્તિ અને લોહી વધતું હશે, પરંતુ પચવામાં તે ભારે છે. અમેરિકામાં આજે ઘણા લોકો માંસાહાર છોડી વેજીટેરીયન

ડાયેટ લે છે માંસાહારી લોકોમાં કેન્સરનો રોગ વધુ થતો દેખાય છે. અમેરિકામાં કેન્સરનો રોગ બહુ થાય છે તેનું કારણ માંસાહાર જ છે.

ડૉ. વરધભાઈ ઈશ્વરભાઈ પટેલ ખેડબ્રહ્માંમાં પશુ ચિકિત્સક તરીકે કામ કરે છે. તેઓ ગાય, બળદ, ભેંસ, બકરી, ગધેડાં વિગેરેના રોગોમાં દવા આપી તેમજ પોતે જાતે ઓપરેશનો કરી એ મૂગાં પ્રાણીયોની સારી સેવા કરે છે. ને એમના તથા ખેડુત વર્ગના આશિર્વાદ મેળવે છે.

એમણે અમને કહ્યું કે આ પશુઓમાં ચાર હોજરી હોય છે. આપણા કરતાં તેઓ ખોરાકને વધુ ચાવી ચાવીને—વાગોળીને ખાય છે. પ્રથમ તેઓ એક સામટું ખાઈ હોજરીને ભરી દે છે.

શ્રી. વરધભાઈને આયુર્વેદનો પણ શોખ અને ઉંડો અભ્યાસ છે. તેઓ અમોએ જંગલમાં નાંખેલા કેમ્પમાં ભોમીયા છગનભાઈ દલાજી પરમારને લઈ આવ્યા. તેમની સાથે તેઓ કાકમના ઝાડની ડાળી તથા બી લઈને આવ્યા. અને અમને બતાવ્યાં. ડોકટર સાહેબે જણાવ્યું કે જાનવરોના કૃમિ રોગમાં આ કાકમના પાનનો રસ કાઢી આપીએ છીએ ને અનહદ ફાયદો થાય છે. મને આપણી ડોશીમાના વૈદાની ખલેચી યાદ આવી. કૃમિ રોગમાં વાવડીંગ તથા કાચકાના મીંજનો ઘસારો આપવાથી ફાયદો થાય છે એમ આયુર્વેદ પણ કહે છે, કારણ કે તે કૃમિનાશક અને વાયુનાશક છે.

ડૉ. વરધભાઈ, શ્રી. પટણી સાહેબ, શ્રી. નરેન્દ્રભાઈ શ્રી. પ્રેમશંકરભાઈ, ભોમીયા છગનભાઈ તથા અન્ય આયુર્વેદ પ્રેમી મિત્રો સાથે અમે વિજયનગરના જંગલો જોવા અમારા કેમ્પથી ઉપડયા. હરનાલ બંધથી વિજયનગરની પોળોની છત્રીયો પાસે અમે નદિને કિનારે એક મોટા વડલાની છાયા નીચે મુકામ કર્યો. પરોસડા ગામના તલાટી અમારી સાથે હતા તેઓને પણ આયુર્વેદની વનસ્પતિયો જોવાનો ભારે શોખ હતો. તેમણે દાળ, બાટી ને ચટણી બનાવવાની તૈયારી કરી. અમે ઉંડા જંગલમાં વનસ્પતિઓની શોધમાં ફરવા નીકળી પડયા.

ભોમીયા છગનભાઈએ જણાવ્યું કે આ જગ્યાએ પ્રથમ કંકાવટી નામે મોટી નગરી હતી. ખેડબ્રહ્માથી વિજયનગર સુધી આ નગરીનો બજાર ઉભે રસ્તે હતો. વચમાં ડેરોલ ગામ છે. ત્યાં દેવનગરી હતી. આજે પણ આ ડેરોલમાં ઘણા પૂરાતન મંદિરો જોવા મળે છે એટલે દેવનગરી જરૂર હશે જ!

અમારા શ્રી પટણી સાહેબે કહ્યું કે મેં સદેવંત સાવળીંગાની ચોપડી મંગાવી વાંચી છે તેમાં પણ આ કંકાવટી નગરીનું વર્ણન છે. સદેવંત સાવળીંગાનો પ્રેમ કિસ્સો અહિં જ બનેલો છે. સાત સાત જન્મ સુધી તેઓનો અતૂટ પ્રેમ રહેલો. શ્રી પટણી સાહેબ તથા હાથી સાહેબ પાસેથી આ કંકાવટી નગરી તથા સદેવંત સાવળીંગાની વાત સાંભળતાં મને તે વાંચવાનો તથા તેના અવશેષો જોવાની ઇચ્છા થઈ. સદેવંત સાવળીંગાની ચોપડી લેવા ભાઈ કમલેશને મોકલ્યો. શ્રી પટણી સાહેબે તે શોધી કાઢી ને મોકલાવી ચોપડી બહુ સરસ જ છે. વાંચવા જેવી છે.

વિજયનગરની પોળોની છત્રિયોની સામે નદી ઉતરી અમે મૂકામ કર્યો ત્યાં નદીને બંને કાંઠે માઈલોના માઈલો સુધી નગોડનાં ઝાડોની લાઇન લાગેલી છે. કમરના દુઃખાવામાં તથા યોનિ સંકોચના કામમાં સુવાવડ પછી એનો રસ પીવાથી ઘણો ફાયદો થાય છે.

અહીં વેડછાના ઝાડો ઘણા છે. નવસારી પાસે વેડછા ગામનું નામ પડવાનું કારણ એ હશે કે ત્યાં વેડછાના આવા ઝાડો પહેલાં પુષ્કળ હશે.

પણ અહીંના લોકો સીફીલીસ અને ગોનોરીયાથી પીડાય છે. કારણુ યવનોનો ભય.

પોળોની છત્રીયોથી પાછા ફરતાં સદેવંત અને સાવળીંગાની નવ દેરીઓ અમે જોઈ. સાવળીંગા એક વાણીઆની દીકરી હતી. વાણીઓ જન્મથી જ બ્રાહ્મિનો રસ અને હરડેનો ઘસારો આ છોકરીને પાતો. વાણીઆના મિત્ર વૈદ્યો હતા. વાણીઆની ઇચ્છા એવી કે મારી દીકરી ઉર્વશી જેવી સુંદર બને તેથી વૈદ્યોની સલાહ પ્રમાણે તેણે પોતાની દીકરીને ઉછેરવા માંડી. વાણીઓ વૈદ્યને ભગવાન ગણતો. વૈદ્યને નમસ્કાર કરતો. વૈદ્યના કહેવા મુજબ છોકરીને સુખડથી નવડાવતો. ભાંગરો અને આમળાંના પકાવેલું તેલ માથામાં નાખતો અને હરડેનો ઘસારો નિયમીત પાતો. જુદાં જુદાં આંબળા સાથેનાં ચૂર્ણો, ગોળીઓ ખવડાવતો. સાવળીંગાની ચામડી આ પ્રયોગોથી પાતળી થતી ગઈ તેનો શ્વાસ સ્થિર થતો ગયો તેના વાળ લાંબા કાળા મોટા થતા ગયા; તેના મુખ ઉપર કાંતિ છવાવા લાગી. તેનું ચિત્ત સ્થિર થવા માંડ્યું. She became perfect in physical through beauty, in mental through knowledge in vital through power and in psyicic through love Bondless and Sincere સાવળીંગાની કમર પાતળી, ડુંટી ઉંડી,

વાળ લાંબા, છાતી પહોળી કાંડાથી ડબલ તેની ભુજા, ભુજાથી ડબલ તેનું ગળું; ગળાથી ડબલ તેની કમર અને કમરથી ડબલ તેની છાતી થઈ. તેની આંખ સામું જોનારનું મન સ્થિર થઈ જતું. જે કોઈ તેની સામું જોતાં તે ત્યાં ને ત્યાં સ્થિર થઈ જતાં આ બધું તેનામાંના અગ્નિ તત્ત્વને આભારી છે જે તેના પિતાએ આયુર્વેદની વનસ્પતિઓથી કેળવેલું. આ સાવળીંગા જ્યાં ભણવા જતી તે નિશાળ એક પત્થરનું મકાન અમે જોયું અને તે જગ્યા સદેવંત અને સાવળીંગાની જગ્યા તરીકે જ ઓળખાય છે. વનસ્પતિઓ માણસને જરૂર દેવ બનાવે છે.

કંકાવટી નગરી હરણાવ નદીને કિનારે અસલના વખતમાં હતી. અહીં અમે ગાયોને બદલે ભેંસો ચરાવના રબારીઓ જોયા ડો. વરધાભાઈએ અહીં કણજીની ૧॥ ઇંચ જેવી સિંગ બતાવી તેમાંથી કણજીયું તેલ કાઢી ચામડીના દરદોમાં વપરાય છે.

નગોડના પાનના તેલમાં બાળી એ તેલ સુવાવડ પછી વાપરવાથી યોનિ-સોચન થાય છે. કમરના દરદોમાં ઉકાળો પીવાથી ફાયદો થાય છે અહીં માઇલોના માઈલો સુધી નગોડના જંગલો જોવામાં આવે છે.

વડનું વિશાળ ઝાડ અસંખ્ય વડવાળો સાથેનું જોયું. તેના છાંયડે બાટીને દાળ બનાવીને ખાધી. ભૂખથી ગમે તેવું અનાજ અત્યંત સ્વાદિષ્ટ જ લાગે છે.

आहार मात्रा पुन अंग्नि बल अपेक्षिणी ॥

વડના દૂધના ટીપાં પત્તાસામાં વ્હેલી સવારે લેવાથી વીર્ય સ્થંભન થાય છે. Discharge ના રોગમાં ફાયદો થાય છે. વીર્યવર્ધક છે. વડવાઇનું દાતણ દાંતને મજબુત કરે છે. અહીં એક આંતરડાનો વેલો જોયો તે જમીન ઉપર પથરાય છે. તેને ચુની જેવાં ફૂલ અને બહુ ઝીણાં પત્તાં થાય છે એના મૂળને ઘસીને સાકરમાં પાવાથી દુઝતા મસા મટી જાય છે.

ચિત્રાના અહીં અસંખ્ય છોડ છે તેના પાંદડાં સ્હેજ બીડાયલા નાનાં ને સુંદર લાગે છે લીલા ખરજવા ઉપર તેના મૂળીઆનો રસ લગાડવાથી મટી જાય છે. ખરસાંડી જેવી આકારની દાંડી હોય છે. પંચકોલના ચૂર્ણમાં ચિત્રક ખૂબ વાપર્યો છે.

આ ભૂમીમાં ખાટખટુંબાના વેલા ઘણા જ થાય છે તે સ્વાદમાં ખાટાજ લાગે છે. દ્રાક્ષની માફક તેને ઝચકાબંધ બી આવે છે. મૂળમાંથી રતાળું જેવું નિકળે છે મ્હેં ખાધા તો આંબલીને આંટ મારે તેવી ખટાશ તેમાં અનુભવી અહિંના ભીલ લોકો કહે છે કે પુરૂષાતનમાં માણુસ ન હોય તો એનુ મૂળ ઘસીને સાત દિવસ સુધી દુધમાં પાવાથી પુરૂષાતન શક્તિ આવે છે. તેની પાસે જ ખાખરવેલીના વેલ જોઈ તે આંખના ઝાંખરામાં ફાયદો કરનાર છે.

અહિં અમારી સાથે છગનભાઈ કરીને ભોમીઓ હતા તે પાકાં બીલાં લાવ્યો અમે ખાધાં કેસર જેવો રંગ અને ખુબ ગોહાં, રસાયણ શાસ્ત્રીઓ કહે છે કે આ બીલામાં પારો છે ઘણા કહે છે કે તે તો ભગવાન શંકરનું વિર્ય છે.

વિજય નગરનું મૂળ શહેર અહિંયાં પોળો આગળ હતુ. અત્યારે જે વસ્યું છે તે તો નવું વિજયનગર. અહિં વહોરાઓ ખૂબ પ્રમાણમાં છે.

અહિં એક લાખાનું મંદિર જોયું શું સુંદર તેનો ઘુંમટ ? આ મંદીરમાં પત્થરનાં બારણાં મ્હેં પ્રથમ જ વાર જોયાં આ કારીગરીમાં બેલેન્સનો સિદ્ધાંત છે ચોંટાડવાના પદાર્થનો નહિ.

ઝાડનાં મૂળીઆં પત્થરની ફાટોમાંથી પસાર થયાં છે અને આવા મજબુત પત્થરોને પણ ઊંચા કર્યા છે. સાગ પણ સારા પ્રમાણમાં છે. નેપાળાના છોડ આ જ ભાગમાં અસંખ્ય છે. અહિંના લોકો તેને દાંતિ કહે છે મ્હે જોયું કે આદિવાસીઓની ભાષા સંસ્કૃતને મળતી છે અને મારા મિત્રે કહ્યું કે મૂળ પ્રજા તો આદિવાસી જ હતાં પણ બ્રહ્માએ નવી સંસ્કૃતિ તેમાં ફેલાવી. આદિવાસી ચેતનવંતી પ્રજા છે.

મુસ્લીમોએ આ તમામ મૂર્તિઓને તોડી ફાડી નાખી છે. કોઈ ને સંહાર ગમે છે, કોઈને સર્જન ગમે છે પણ સંહાર ઈચ્છતી પ્રજા સર્જન ઈચ્છનારની ભાઈ તો ન જ થઈ શકે અમારી સાથે સોમપુરા સાહેબ હતા અને તેમનો જ આ વિષય હતો.

આ વિજયનગરના જંગલોમાં વાઘ, વરૂ, ચિત્તા, રિંછ જેવાં હિંસક પ્રાણિઓ પુષ્કળ છે સાપ પણ મોટા કાળા અને લાંબા છે.

મરડા શીંગી ખૂબ પ્રમાણમાં અહિં દેખાવમાં આવે છે. મરડામાં તેની સિંગ ઘસીને પાય છે મરડા સિંગીનું નામ તેના મરડાટ ઉપરથી

Scanned with CamScanner

પાડયું લાગે છે આનંદ કરતા કરતા અમારી કંપની આગળ જતી હતી. મારા પગમાં બુટ ન હોવાથી હું કાંટા વિણતો વિણતો થાકતો હતો ત્યાં તો ચારેક ફુટ ઊંચો બહું જ સુંદર ઊભી ભોરીંગણીનો મારી જીંદગીમાં પ્રથમ વાર જ છોડ જોયો. અહિંના લોકો તેને દાંતોમાંથી કીડા કાઢવા માટે એનો ધૂંમાડો આપે છે. હું વિદ્યાર્થીઓ ભણાવું છું તેમાં વારે વારે ઊભી અને બેઠી એમ બે ભોરીંગણી વાંચવામાં આવે છે તેમાં ઊભીનો આ છોડ જોતાં Love at the first sight થઈ ગયો તેનાં પાદડાં આપણાં રીંગણાના છોડને મળતાં પણ બેઠી ભોરીંગણી જેવાં તો નહિ જ. ફુલ ફાલસા કલરના સુંદર હતાં તેનાં બે ચાર પીળાં જીંડવાં હું સાથે બી માટે લેતો આવ્યો.

ત્યાં ઉટકંટાળના છોડવા પણ જોયા જે પરમીયામાં ફાયદો કરે છે.

આ બધા ભાગોમાં બોરડીઓનું પણ મોટું જંગલ છે નદીના ભાઠામાં અહિં બામની ભાજી તથા વરજાંગની ભાજીનો લોક ઉપયોગ કરે છે.

આ ભાગમાં મહુડાની જેમ બહેડાંનાં ખૂબ ઝાડ છે નીચે બહેડાં ખૂબ પડેલાં હોય છે બહેડાનું ઝાડ જોઇ મારા આનંદનો પારજ ન રહ્યો કારણ કે શારંગધરનું જે ભાષાંતર કર્યું છે તેમાં शोषणीं च बिलितकी એ પદ ઉપર મારે ઘણી ચર્ચા કરવી પડેલ છે.

એક ફક્ત ત્રિફળામાં અને ખાંસીમાં જ સમાજમાં બહેડાં વપરાય છે. બાકી તો વપરાય છે પણ શામાં ? બહેડાંના ઘટાદાર ઝાડનો આનંદ અનુભવતો હતો ત્યાં મીંઢળનું ઝાડ મેં જોયું બાવળના જેવું જ કાંટા વાળું અને આખા ઝાડ ઉપર આ વખતે એક જ ફળ ચોટેલું હતું.

અહિં દૂધેલીનાં ઝાડ છે અહિંના લોકો આ ઝાડનાં ટીપાં દૂધમાં નાખી દહિં બનાવવામાં વાપરે છે.

છત્રાએ માતા પાસે જે ઇંદ્રોખનું ઝાડ બતાડેલું તેના કરતાં અહિં ઇંદ્રોખનું ઝાડ ખરેખર મોટું હતું.

મહુડીઆ મુંજાલને અહિંના લોકો અરજનીયો કહે છે. હાથ પગ ભાંગી ગયો હોય કે ઉતરી ગયો હોય. તો એનાં પત્તાં બાફીને લગાવાથી ફાયદો થાય છે.

અહિંથી અર્ધોએક માઇલ દૂર અણિયારનાં ઝાડ ખાસ જોવા જેવાં

Scanned with CamScanner

છે. તેના ઉપર વાંદા જેવી ગાંઠો બાઝી હોય છે આ ગાંઠો ઘસીને ચાંદા ઉપર અહિંના લોકો ચોપડી મટાડે છે.

નવું વિજયનગર અહિંથી દસ જ માઇલ દૂર થાય છે.

વિજયનગર સ્ટેટે હરણાવમાં બંધ બાંધ્યો છે તેમાં અમને કહેવામાં આવ્યું કે સદેવંત સાવડીંગાના પત્થરોનો ઉપયોગ કર્યો છે આ બંધ પાસે બહુ જ સુંદર એક નવું વૃક્ષ જોયું તેને તરવારના આકારની એક હાથ થી વધું લાંબો શીંગો થાય છે વાળાના રોગમાં ઘસીને ચોપડવાથી વાળાના જીવડા બહાર આવી જાય છે. આ શીંગોમાંથી બટાકાની કાતરી જેવાં બી નીકળે છે.

સીંગો બે બે ફૂટ લાંબી થાય છે. એરપ્રોના જેવાં પેકીંગ કરેલાં તેનાં બી છે.

સદેવંત સાવળીંગાનું મંદિર અહીં છે. પ્રેમ તો સદેવંત સાવળીંગાનો જ સાત સાત જન્મ તે લોકો સાથે જ રહીને મર્યા છેવટે મનુષ્ય જન્મમાં આ પ્રેમ સારી રીતે વ્યકત કરી શકયા અહીંના ગામડે ગામડે આ લોકની પ્રેમ-ગાથા ગવાય છે અને ગજબની ગવાય છે. તેમાંય સાવળીંગાનું રૂપ જોઈને જે જોતો તે મૂર્ચ્છાવંત થતો એ ગજબ છે આ ગાથામાં તેમનો છઠ્ઠો અવતાર વાંદરાનો હતો. એમ જ્યારે મેં વાંચ્યું ત્યારે ડારવીને કદાચ અહીંથી લીધું હશે કે વાંદરામાંથી માણસ થાય છે ખરૂ જોતાં અમારાં પુરાણો તો કહે છે કે માણસમાંથી દેવ થાય છે અને માણસમાંથી પથ્થર પણ થવાય છે.

અમે પાનરવાના રાણાને ત્યાં ગયા ગામ ઘણું જ સુંદર છે અહિંથી અમે ફુલવાડી જોવા એક માણસ સાથે લીધો ફુલવાડીની અંદર ને અંદર જઈએ તો બેત્રણ માઈલ દૂર ડાબી બાજુની પહાડોની બેખડમાં અર્ધ વચ્ચે સુંદર ભોંયરૂં જોયું. આ ભોંયરૂં અંદરથી પોલું હતું. અહિં પ્રતાપ રહેતો હતો અને સ્વમાનની શિક્ષા ભોગવતો હતો. freedom is always in peril defend it with all your might. (આ અમે બીજીવાર ફુલવાડી બીજે રસ્તેથી ગયા.)

પ્રતાપની પ્રેરણા કયો દેશાભીમાની નથી લેતો ? તેની છાતીની કદર કોણ નથી કરતો ? તેને ખાવા ધાન્ય ને પહેરવા કપડું ન રહ્યાં. આવી

Scanned with CamScanner

એકાંત જગ્યામાં રાજા હોવા છતાં વરસો વિતાવ્યાં. પ્રતાપે કેટલું દુઃખ વેઠ્યું ? પણ મુસલ્લાને વશ તો ન જ થયો. ખૂદ અકબર તેને મળવા માટે આવ્યો. તો તેને જમાડયો અને એવો રસ્તો બતાડી કહ્યું કે તું આ રસ્તે જજે નહિતર મારા માણસો તને મારી નાખશે. હિંદુની ખાનદાની તે હિંદુની જ જો આ જગ્યાએ અકબરની જગ્યાએ હિન્દુ હોત અને પ્રતાપની જગ્યાએ મુસલમાન હોત તો મુસલમાન તેને મારી નાખત. આ જગ્યા નવી જ પ્રેરણા આપે છે. આવી ઝાડીવાળી અને એકાંત જગ્યા ન હોત તો પ્રતાપની દશા પણ શું થઈ હોત ?

અહિંના લોકો આખો ખાટલો વાંસની છાલથી પાટીની જેમ ભરે છે. મને નવાઈ તો એ લાગી કે અહિંના લોક કહે છે કે ચંબેલીના પાનનો રસ ચમચી બે ચમચી પાવાથી રૂઝ આવે છે.

હવે અમે ફુલવાડીમાં પેઠા, પ્રથમ જ ત્યાં અડદુનાં ઝાડ જોયાં જેનો ઉપયોગ ફરનીચર બનાવવામાં વપરાય છે. ધાવડીના મૂળ અહિંથી લાવી લોકો બાળકોનો રતવા તથા સ્ત્રીના કોઠે રતવા હોય અને બાળકો મરતાં હોય તેનાં ઉપયોગ થાય છે.

શ્રી છગનભાઈ દલાજી પરમાર કે જેઓ આયુર્વેદની વનસ્પતિઓના નામો તથા ગુણો તથા કયા રોગમાં વાપરવી તે જાણે છે તેમને ભોમીયા તરીકે લઈ અમે ફુલવાડીએ જ્યાં રાણા પ્રતાપે વર્ષો વિતાવ્યાં ત્યાં ગયેલા.

હાલ હરણાવ નદી પર જ્યાં બંધ બાંધવામાં આવે છે ત્યાં એક નાનકડું ગામ ત્યાં કામ કરતા મજૂરોએ વસાવેલું છે. તેને હરણાવ નાકા કહે છે તે ખેડબ્રહ્માથી બારેક માઈલ દૂર છે. ત્યાંથી અમે પરોસડા ગામે નદી પાર ઉતરી ગયા. ત્યાંથી અમે આગળ ચાલતાં રાજસ્થાનની હદમાં કુપળા ગામે ગયા. ત્યાંથી આગળ મીઠી બીલી ગયા. ત્યાંથી અંબાસા જ્યાં રાજસ્થાન સરકારે કથોડી એટલે કાથો બનાવનારી બીજી કોમને વસાવી છે અને ખેતી માટે તેઓને જમીન આપી છે. કથોડી લોકોના બાળકો માટે નિશાળ પણ ખોલી છે. તેના ઈન્સ્પેકટર શ્રી ભોગીલાલ જોષી આ ભીલ કોમનું સમાજ સુધાર સેવા ખાતુ ચલાવે છે. તેમને અમોને ચોકખું મધ પાયું. અહિંથી જોષીને સાથે લઈ અમે પાટવેલ ગામે આવ્યા. ત્યાંથી ઓડડા ગામે ગયા ત્યાંથી છાળી થઈને આડા અડદરૂ ગામે આવ્યા. ત્યાંથી મોટા પહાડમાં થઈ, પુતળીની ઘાટી કહે છે તે ચઢીને માંડવા ગામે ગયા, પુતળીની ઘાટીમાં

ગીચ જંગલ છે અને ઘણી જ વનસ્પતિઓ છે પણ તેટલી બધી જો તપાસીએ તો મહિનાના મહિનાઓ નીકળી જાય, ત્યાંથી મોટા માંડવા થઈ આડા આંકલા ગામે ગયા અહિંથી આડા અવળા રસ્તે થઈ પાનરવા ગયા. પહેલાં અમે પાનરવા સીધા રસ્તેથી ગયેલા આ વખતે બીજા અટપટા રસ્તે થઈને ગયા જેથી આખું જંગલ કવર થઈ જાય ત્યાં અમે ગટ ઉંબરીનાં ખૂબ ઝાડ જોયાં.

ગટુંબરીનાં ઝાડ તો ઉંમરડા જેવાં જ થાય છે પણ તેને નાનાં ઉમરડાં લાગે છે. અહીંના લોકો તેને ખસ મટાડવામાં વાપરે છે.

ઉંમરડાના પાન-છાલ ફળનું ઘન બનાવી તેને Mucous colitis અગર ઝાડા દ્વારા લોહી પડે ત્યારે એનીમા તેનો અપાય છે.

એક વેલાને ખોદવાથી નીચે પાતાળ કોળું મળે છે તેને સુકવી પાવડર બનાવી ફાકવાથી પેટના ભરાવામાં ઘણો જ ફાયદો કરે છે.

વેળુ આંતરડાના વેલા જોયા શરીરના ચાંદાઓ ઉપર આ વેલાની સૂકી ભુકી ભભરાવવામાં આવે છે મરડાશીંગી—તેના આમળાંટા ઉપરથી નામ પડ્યું લાગે છે લાલ કેસર જેવાં તેને ફુલ થાય છે બનાવટી કેસરમાં આ રેસાઓ વપરાય છે મરડો મટાડવામાં તેનો ઉપયોગ થાય છે.

જેઠીમધ—ખાખરાના ઝાડ ઉપર વેલો ચઢેલો હતો. મને તો એ પણ ખબર ન્હોતી કે જેઠીમધનું ઝાડ હશે કે વેલો આ પ્રથમ જ વાર અહિં દર્શન થયું. અહિંના લોકો તેને માલી કહે છે. તેનાં પાન સહેજ લંબગોળ અને બીલીથી સ્હેજ મોટાં આસોતરીના પાનની એક ફાડ જેવાં હોય છે. રાયણ જેવાં પીળાં ફળ તેને બેસે છે. આ લોકોએ કહ્યું કે તેના ફળના બીમાંથી જ માલકાંગણીનું તેલ બનાવે છે ત્યારે મને તે સાચું ન લાગ્યું.

કડવી ફાંદ—બાળકોના લોહી સાથેના મરડામાં મૂળ ઘસી પાવાથી મટી જાય છે અહિં મોગરા, બટ મોગરા કંઈ વાવવું પડતુ નથી પરંતુ ઘણી મોટી સંખ્યામાં થાય છે.

ફરતાં ફરતાં દર્ભના ઝુમનો માફક કાલીવેલ અથવા કાલી વાયસરનો છોડ જોયો. સાપ કરડયા ઉપર તેનાં મૂળ ઘસીને પીવડાવે છે અને તરત જ મૂર્છા વાળો માણુસ ભાનમાં આવી જાય છે. કાથોડી લોકો રાત્રે દસ બાર વાગે અમે જ્યારે જંગલમાં ભૂલા પડયા હતા ત્યારે ભેગા થયેલા અને

Scanned with CamScanner

એ દરેક પાસે આનાં મૂળ હતાં. કારણુ કે રાત્રે તેઓ જોડા વગર ફરે છે અને સાપ કરડે કે તરત જ તેઓ આનો ઉપયોગ કરે છે.

નસોતર—કાળુ અને ધોળું બન્નેય થાય છે અને પુષ્કળ પ્રમાણમાં થાય છે વિજયનગર ભણી જેમ ચિત્રો વધુ પ્રમાણમાં થાય છે તેમ નસોતર અહીં થાય છે.

કાળી પાટના વેલા ઘણા છે અને તેનો જે બટાકા જેવો કંદ થાય છે. તેને અહીંના લોકો બાફીને ખાય છે. ડુંગરી જેવો સફેદ કાંદો થાય છે અને તેને ઝેરીળ કંદ કહે છે. હું જેવો મોઢામાં નાખવા જતો હતો કે છગને મને કહ્યું કે ભાઈ ગળું ઢોલ જેવું સુજી જશે એક માણસે ખાધો હતો ત્યારનું તેનું ગળુ આજ સુધી બેસી ગયું છે.

ફુલવાડીથી પાછા ફરતાં અમે નવો રસ્તો લીધો સાબરના કિનારે સારામાં સારો બંધ બાંધેલો છે. ત્યાં નવો પાકો રસ્તો કિનારે કિનારે બંધાય છે. ઉદેપુરથી કોટડા છાવણી આ રસ્તો જાય છે. આ રસ્તે ટેલીફોનના તારોના થાંભલા નંખાય છે. ભવિષ્યમાં ઉદેપુરથી ખેડબ્રહ્મામાં પાક્કો રસ્તો થશે તેમ લાગે છે. પછી ત્યાં મોટરો પણ છેક જઈ શકશે. પાક્કો રસ્તો થશે ત્યારે પાનરવા વચ્ચે આવશે. પછી ફુલવાડી પણ નજીક પડશે ત્યારે વૈદ્યોને ખૂબ સરળતા થશે અહીં ખૂબ જ ઉપયોગી વનસ્પતિઓનાં જંગલોનાં જંગલો છે.

ત્યાંથી અમે વસ્લી ગામે એક મોટી ઘાટી પસાર કરી આવ્યા. ત્યાંથી લવાડી ગામે આવ્યા. લવાડીમાં અમે થોડું રોકાયા. અહીં પણુ બે પહાડો વચ્ચે ગીચ જંગલ છે. હજારો વેલાઓ વાંસ, ફુલ, છોડ પારિજાત, અગર મહુડા અને ઝરણાં માલમ પડે છે. આકાશ અને વનસ્પતિનું ચેતન દર્શન કરવાનું મુકી લોક સીનેમામાં શું જોતા હશે? તે મને નથી સમજાતું:લવારીથી દેનર ગામે આવ્યા. ત્યાંથી નાની મણુાસરી થઈ બેડાદરા ગામે આવ્યા વચમાં ઝેર ગામ આવેલું. ત્યાં રાત પડી ગઈ.

ત્યાંથી ખારી બેડી ચાલતા આવ્યા. ઘોર અંધારી રાત હતી ત્યાં ભૂલા પડયા. પણુ અમે તો બ્રહ્માનું જ કામ કરવાને આવેલા એટલે જે બ્રહ્માનું કામ કરે છે તેને બ્રહ્મા સહાય કરે છે અને એ કામમાં જે કોઈ આડો આવે છે તેનો નાશ થાય છે.

એવામાં ભગવાને જ લાજ રાખી. સાત આઠ કથોડી લોક રાત્રે ત્યાંથી

પસાર થતા હતા તેઓએ ઘણી મદદ કરી તેમની સાથે વાતો ઘણા પ્રકારની થઈ. તેમને કહ્યું કે અમારી સ્ત્રીઓ બીચારી દુનિયાદારીથી જાણે સાવ વંચીત હોય તેમ બીજાઓના મોજશોખનો ભોગ બને છે અને અમારી મજુરી ઉપર બીજા કમાઈ ખાય છે. આવું બધું હોવા છતાં આ લોક નિર્દોષ લાગતા હતા.

તેમનામાં બહુ કપટ ન હતું. ભોળાનોય ભગવાન હોય છે તેઓ બિચારા નવભગા ગામ સુધી મુકી ગયા. અહિંથી બેએક માઇલ દૂર અમે ઘોર અંધારી રાતે ઉપર આકાશ અને નીચે ધરતી જમીન ઉપર પથારી કરીને સુઈ રહ્યા. ઘોર અંધારી રાત્રી ભયાનક હોય છે. સ્હેજ કંઈ હાલે કે જાણે ચોર લોક આવે છે. આવું રામરાજ્યમાં ન્હોતું એ જ લોક કહે છે છતાં રાવણ ધોળે દહાડે સીતાને ઉપાડી ગયો બહુ ગમ્યું નહિ તેથી રાત્રે જ પ્રયાણ કર્યું. અને મુકામે રાત્રે ને રાત્રે જ પહોંચ્યા અને પડતાંની સાથે જ સુઈ ગયા.

પરોસડાથી ખેડબ્રહ્મા જતાં વચ્ચે દેરોલ અને કાલોલ આવે છે. જુની નગરીનાં સંસ્મરણો પડેલાં છે વચ્ચે સરસ્વતિનું મંદિર જોવા વાગેશ્વરી ગયા ત્યાં પાણીનો વહેળો હતો એ આખો વહેળો ટાઢોડીના વેલથી છવાઈ ગયેલો હતો. વહેળાના કિનારે ઘા બાજરીઆના ઘણા જ છોડ હતા. પણ તેમાંથી છોડને ચોંટે તો આંખ ફોડી નાખે. એટલે તેના ફળને હાથમાં લીધાં ખરાં પણ ફોલ્યાં નહિ. બાજરી જેટલા જ ઉંચા તેના છોડ થાય છે અને ઘા રૂઝવવામાં તે ઉપયોગી થાય છે.

હું વિચાર કરતો હતો કે બ્રાહ્મિ મંગાવીએ તો ખરા પણ છેક ફુલવાડીથી કોણ લાવે? ત્યાં તો આ વહેળા પાસે ઘાસની માફક પથરાયેલી બ્રાહ્મિ હતી. અમારો ભોમીઓ કહે કે આ તો બ્રાહ્મો છે. મ્હેં કહ્યું કે બ્રાહ્મો હોય તો બ્રાહ્મિ હોવી જોઈએ ત્યાં તો અસંખ્ય છોડ નજરે પડ્યા.

ઘોડાવજનો વેલો અહિં મ્હેં પ્રથમજ વાર જોયો. વાઈના રોગમાં તો મ્હેં ઘણોજ વાપર્યો છે પણ આટલા બધા પ્રમાણમાં હોય તે તો મ્હેં અહિંજ જોયું. લીલી ધરોનો રસ નસકોરી ફુટી હોય તો નાકમાં અમે મુકીએ છીએ પણ ધોળી ધરો અહિં ઘણાજ પ્રમાણમાં છે. તેનાં દર્શનથી ચિત્ત પ્રસન્ન થયું. કુકડી માંકડી કરડે ત્યારે ચોખા સાથે લગાડી લોક ફાયદો કરે છે. આ ધરો બહું ઉંડો છે અને તેમાં મગર પણ રહે છે. સારાય પાણી

Scanned with CamScanner

ઉપર કપના આકારના ટાઢોડીના વેલા પથરાઈ ગયા છે. નીચે નીર્મળ પાણી છે. કિનારેથી જોનારને પાણી દેખાતું નથી. અહિં ઝાડના છાંયે અમે બેઠા તો મુંબાઈ–અમદાવાદના એર–કંડીશનથી પણ વધારે ઠંડક લાગી.

આગળ ચાલતાં દેવનગરી જેને અત્યારે ડેરોલ કહે છે તેમાં આવ્યા. ત્યાં ઘણાંજ પુરાતન જૈન દેરાસરો જોવા લાયક છે. વિષ્ણુ ધર્મનું રણછોડરાયનું મંદિર પણ જોવા અમે ગયેલા. ત્યાંથી સીલવડ ગામે અમે આવ્યા. અહિં શીતળા માતાનું સુંદર ગુમટવાળું પત્થરના કંપાઉંડવાળું મંદિર છે. બાળ સ્વરૂપે છે. અમારા ભોમીઆ છગનભાઈનુંજ આ ગામ હતું એટલે ત્હા પાણી પીવા દીધા શિવાય તેઓએ જવા દીધા નહિ. અહિં પણ એક વાડ ઉપર કાંચકાંનાં બીનો વેલો જોયો. બસ જ્યાં જુઓ ત્યાં અહિં તો વનસ્પતિઓ અને વનસ્પતિઓજ. ત્યાંથી અમે ડેરોલ ઠાકોર સાહેબને ત્યાં ગયા અહિં અમને સમાચાર મળ્યા કે અહિંના અર્જુન વૃક્ષનો ગુંદર અમેરિકા જાય છે. ચ્યુંઈંગ ગમ તેમાંથી બને છે. અહિંથી આઠ આને શેર આ અર્જુન–કડાવાનો ગુંદર ભીલો પાસેથી વ્હોરા વેપારીઓ લે છે. મુંબાઈમાં તેના એક શેરના ચાર રૂપિયા થઈ જાય છે, અને અમેરિકામાં તેના પચાસ રૂપિયા થઈ જાય છે.

એકંદરે આ બ્રહ્માના બગીચામાં કુદરતની સાનિધ્યમાં આનંદમાં દિવસો ગયા. માણસનો સંગ તો ખરેખર કંટાળાજનક છે પણ ચેતન વનસ્પતિનો સંગ હૃદયને પ્રસન્ન કરી નાંખે છે. વનસ્પતિનાં બગિચા સાથે ફુલોનો પણ બગીચો છે એ રીતે સોનામાં સુગંધ ભળેલી છે. શામળાજી પાસે ધન્વંતરીનું અને ભવનાથમાં ચ્યવન ઋષિનું મંદિર છે ત્યાં તેમણે ઉગ્ર સાધના કરેલી.

ફરીથી હું એકજ વાત કહેવા માગું છું કે વનસ્પતિ ચેતન વસ્તુ છે તેને ઇંદ્રીયો છે. ચેતન વસ્તુ સામામાં ચેતન પ્રગટાવી શકે છે ચેત્તનમાંથી ભવ્ય કૃતિ થાય છે. માણુસનો વિકાસ વનસ્પતિમાંથીજ થઈ શકે છે.

ખેડબ્રહ્માનો આખો વિસ્તાર વનસ્પતિથી ભરપુર છે. જંગલો કાપી નાખતા આ કંપાવાળાઓને આ વિસ્તારમાંથી વહેલી તકે દૂર કરવા જરૂરી છે. કારણ કે તેઓ તો બધે વેપારજ જોઈ રહ્યા છે. વેપારે મારો આયુર્વેદ દૂર કર્યો તેનું મને દુઃખ થાય છે. પર્વતની હારમાળા તો જોતાં આંખો થાકતી જ નથી.

વનસ્પતિઓની આરતી કરો. તેની ઉપાસના કરો. તેના ગુણદોષનું રોજ પઠન પાઠન કરો. કરોડો ગુણવાળી વનસ્પતિઓ બિચારી આજ રૂદન

Scanned with CamScanner

કરે છે કે ભાઈ મારો ઉપયોગ કરો ! મારો ઉપયોગ કરો. એકજ કડાના ઇન્દ્રજવના ઝાડને વેપારી લાકડું જુએ છે ત્યારે તેની શીંગો ચરકે પ્રથમ અધ્યાયમાં વમન કરવામાં વાપરી છે, તેનાં બી તાવ ઉતારવામાં વાપર્યાં છે, તેનાં ફુલનું સુંદર શાક બનાવી અહિંના લોકો ટોનીક તરીકે ખાય છે. તેની છાલ ઝાડા બંધ કરવામાં વપરાય છે. અને શીંગમાંથી નિકળતું રેશમી રૂનું એક ભાઈએ સુંદર ગાલ મસુરાયું ભર્યું હતું. કેટલું સુંદર વૃક્ષ જેનાં એકે એક અંગ માણસને ઉપયોગી અને આખું વૃક્ષ પાછું જુઓ તો જંગલમાં ફરનારને સુગંધી આપે.

આવતાં તલોદમાં ચુનીકાકાને ત્યાં આવ્યા પણ આખી રાત ખારી નદીમાં કાઢી. પટ્ટણી સાહેબ માયાળુ છે. ચેતનવંત છે. દરેકની હૃદ છે. વિચારશીલ છે. જમાડ્યા વિના કોઈને જવા દેતા નથી. દરેકને ઉપયોગી છે. **सर्व भूत हितेरताः ।** એ તેમનો જીવનમંત્ર છે. સાચા લોકસેવક છે. આસ્તિક માણસ છે. અવિભક્ત સંયુક્ત કુંટુંબને માને છે. તેમનું આચરણ તેમની કિર્તી વધારે છે. શ્રી કે. કે. શાહ કે જેઓ આયુર્વેદની જ દવાઓને પસંદ કરે છે તેમને તથા શ્રી ચુનીકાકાને ખેડબ્રહ્માથી આણેલા તમામ સ્પેસીમેન બતાડ્યા અને તેજ દિવસે સાંજે અમે અમદાવાદ આવ્યા. અમને આશા છે કે આપણી સરકાર આ ભાગને રક્ષી પાછું નંદનવન બનાવશે. ઔષધિની ઉત્કૃષ્ટ પ્રાપ્તિ જાણવાને કોઈક જ યોગ્ય થાય છે તેના પ્રયોગને તથા રૂપને ઓળખનાર તત્વવિદ્દ કહેવાય છે.

સાબરકાંઠામાં મેં શું જોયું ?

૧. વિજયનગરના જંગલોમાં પહેલાં જ્યાં કંકાવટી નગરી હતી. ત્યાં લાખાના મંદિરમાં છત ઉપરના પથ્થરની તરાડમાંથી પસાર થતા વનસ્પતિના વેલાના જોરથી હજારો મણના પથરાઓ ૨-૧ ફુટ ઉંચા થઈ, આખી છત ઊંચી કરી દીધેલી જોઈ ત્યારે મને થયું કે માંસાહારમાં જે શક્તિ છે તેનાથી અનેક ઘણી શક્તિ વનસ્પતિમાં સમાયેલી છે.

ત્યાં ઉનાળામાં આંમળાના ઝાડ નીચે પડેલા આમળાં ફક્ત ત્રણ ચાર જ મેં ખાધાં કે તરત જ કોઈ પણ જાતની અકળા સિવાય ફક્ત અર્ધો કલાકમાં જ દસ્ત સાફ આવી ગયો !

૨. બ્રાહ્મી અને બ્રાહ્મો જુદી વસ્તુઓ અહિં મેં જોઈ! બ્રાહ્મીને આ લોકો સત્ બ્રાહ્મિ કહે છે. ચિત્તવિભ્રમમાં એક છોકરાને એક બીડે ખવડાવી અને તેનું ચિત્તવિભ્રમ મટી ગયેલું. આ જ્યારે મેં નજરે જોયું ત્યારે અહિંની બ્રાહ્મીની સુંદર અસર અને વનસ્પતિનું ઓજસ જોઈ મારૂં હૃદય પ્રકાશિત થયું. અર્જુનનાં જે વૃક્ષ મેં જોયાં તે અડકવામાં પણ ઠંડાં અને તેનો ગુંદર ખાધા પછી ચિકાશવાળો નહિ અને કાચ જેવો પારદર્શક જોયો જેમાંથી પરદેશીઓ ચ્યુઇંગ ગમ બનાવે છે. અમેરિકામાં ચ્યુઈંગ ગમનું મકાન પંચાવન માળનું છે. ત્યાંથી બધા ચ્યુઇંગ ગમ લાવી રોજ ખાય છે. એમ અમેરિકા રહી આવેલા શ્રી પટણી સાહેબે જણાવ્યું.

૩. મીંઢળનું એક બાવળ જેવું ઝાડ હતું. મારા જેટલી તેની ઉંચાઈ અને એક જ ફળ ચોંટેલું રહેલું. મેં તેનો ફોટો લીધો. કડાના અરડુસી જેવા છોડ અને વડ, પીપળ બહેડાં જેવાં અસંખ્ય ઝાડ ફળ સાથે જોયાં. સદેવન અને સાવળીંગાની નવદેરીઓ પાસે કણુજાનાં, વડ જેવાં ઘટાદાર ઝાડ જોયાં.

૪. આઠેય જાતનાં મધ આ જંગલોમાં છે. એટલું જ નહિ પણ કમળ ઉપરનું પણ મધ જોયું.

૫. એટલી બધી ધૂળ રસ્તે ખાધી કે નાક પુરાઈ જાય. પરંતુ ગરમાળો, ઈન્દ્રજવ, આમળાં, આંબો, બહેડાં, મહુડો, ખાખરો, માવડીઓ મુંજાલ અને અંકોલના પાંદડાંથી ફૂંકાયેલો પવન મગજને તર કરી દેતો હતો. અને ધૂળને કાઢી ફેફસાંને ચોખ્ખી હવાથી ભરી દેતો હતો. ખેર, ખાખરો, ગુગળ, તથા મહુડાની વચમાં રહેતા કાથોડી લોકો અને ભીલડીઓની ચેતનતા આકર્ષણ ઉપજાવતી હતી.

૬. મહારાણા પ્રતાપ જ્યાં છુપા રહેલા તે ફૂલવાડીનો પહાડ બ્રાહ્મીથી ભરપુર અને સુંદર ઝરણાથી એમ સૂચન કરતો હતો કે પ્રતાપ બ્રાહ્મીનાં પાંદડાં ખાતો હશે અને પહાડનું પાણી પીતો હશે.

૭. એક અજાયબી અવળી વેલ જોવાં થઇ. જે બીજી વેલો કરતાં ઝાડ ઉપર ચઢે છે જ અવળી રીતે. તેનું પ્રથમ અહિં જ દર્શન થયું. આ વેલનું કદ ઉંચાઈ વખાણવા લાયક છે.

૮. માઉન્ટેન નથી, હીલ્સ છે છતાં અહિંના જંગલોમાં ઉનાળામાં મેં જે ઠંડક જોઈ તે માથેરાન કે આબુ કે ગીરનારમાં મેં ન જોઈ!

Scanned with CamScanner

૯. એક હરણી: અત્યંત તેજસ્વી ફુલવાડી જતાં અને એક સુંદર સસલું મેં જે જોયું તેનું લોહીયાળપાણું અને તેજસ્વિતા ભૂલી શકાતી નથી.

૧૦. હરણાવ અને સાબરમતીનો નદીનો અટપટો માર્ગ એક જગ્યા કોરી અને બીજી પાણીથી ભરેલી. પથરા અને કિનારા ઉપર અથાગ કિંમતી આયુર્વેદની વનસ્પતિથી ભરપુર બીજી એકેય નદી મેં ન જોઈ.

૧૧. કાંકચ, કડવો સરપવો અને તિલ્વક જેઓની છાલ ઉપ ાગી છે તે ત્રણેય વૃક્ષો ડેરોલના ઠાકોર સાહેબને ત્યાં દર્દી તપાસવા જતાં જોયાં.

૧૨. ફુલવાડીમાં અને બીલાદરાથી આગળ પાનરવા જતાં મેં સફેદ વજ, કાળું નસોતર, ધોળું નસોતર, વરધારો, ચિકાખાઈ, ધોળી ગરણી ઈંદ્રવારૂણી, માલકાંગણી, કડવી ઘીલોડી, ચમાર દૂધેલી, (મોટાં વૃક્ષ જેવી થાય છે. અહિંના લોકો દૂધમાંથી દહીં બનાવવા માટે એ ત્રણ જ ટીપાં તેનાં નાખે છે) રતન જોત આવી, મૂળ જેનું વપરાય છે તેવી વનસ્પતિઓ અહીં જોઈ.

૧૩. પાણીમાં થતી ટાંદોડી કાલોલ પાસેના વહેળામાં જોવા જેવી છે.

૧૪. કોલસા માટે બળતી કિંમતી વનસ્પતિઓનાં વૃક્ષો જોયાં કે સુખડ, ગરમાળો સાદડ, કદંબ, ખેર, ગુગળ, અર્જુન ખાખરો ધવ અરીઠા, દેવદાર, બહેડાં, આમળાં અને કડા(ઇન્દ્રજવ)નાં ઝાડ મને એમ, કહેતાં હતાં કે અમને બચાવો, અમને બચાવો. વેપારી લોકો અમારૂં મૂળ જ નાબુદ કરી રહ્યા છે. જંગલોનાં જંગલો માઈલો સુધી સાંબરકાંઠામાં જાગીરદારોથી બાળીને સાફ કરાઈ રહ્યાં છે.

૧૫. કોલસા બનાવવાની ભઠ્ઠી મેં જોઈ ત્યારે એ ભઠ્ઠીઓમાંની વનસ્પતિઓ રૂદન કરતી હતી કે અમને ગૂંગળાવી ગૂંગળાવીને આ લોકો મારે છે ઉપર ધૂળ નાખે છે અને અંદર ગોટાવે છે, વૈદ્યરાજ અમે મનુષ્યને ઉપયોગી છીએ! અમને બચાવો! એમ એ વૃક્ષોના ટૂકડાઓ મને કહેતા હતા કે:—

"ગીલાસોમે જો ડુબે ફીર ન ઉભરે જીંદગાનીમે."
હજારો બહ ગયે ઈનિ બોતલોં કે બંધ પાનીમેં.
ન કર બરબાદ અપની જીંદગી બોતલોં કે દીવાને,
વો કાટેગા બુઢાપેમેં, જો બોયેગા જવાની મેં,
યે દારૂકા પ્યાલા મોતકા કડવા પ્યાલા હેં,
મીલા હૈ ઝેર શરબતમેં-છૂપી હૈં આગ પાની મેં,

Scanned with CamScanner

મહુડાનો ખજુરીનો જીસ્મકો બરબાદ કર દેગી.
ચલેગી ક્યા ઘડી, દમ નહિ હોગા જબ કમાની મેં.

આદીવાસીઓને માટે એ પંક્તિઓ મને ખૂબ યાદ આવતી હતી. કારણકે આ લોકો દારૂ ખૂબ પીએ છે.

૧૬. સાબરકાંઠામાં મહુડાના ઝાડો પુષ્કળ છે. તેથી લોકો તેનાં મહુડાંનો દારૂ બનાવી પુષ્કળ પીતા. અમદાવાદના દારૂડીયા લોકો પણ દારૂ પીવા એ. પી. લાઈનમાં જતા. પ્રાંતીજ લાઇનમાં ડભોડામાં દારૂનું પીઠું હતું ત્યાં મહુડાનો દારૂ છૂટથી મળતો. સાબરકાંઠાની એ. પી. લાઈનની રેલ્વે ગાડીને હજુ સુધી "મહુડી મેઇલ" કહેવાતો. ડ્રાયવર પણ દારૂ પીને જ ગાડી ચલાવતા ! ગાડીના ડબ્બાઓ દારૂડીયાઓથી જ ભરેલા રહેતા.

ઉપરની પંક્તિઓ દારૂની બદી સામે લખાયેલી છે. બહુ બોધક છે.

કોંગ્રેસ સરકારે હુકમ કર્યો કે સાબરકાંઠામાં દારૂ બંધી દાખલ કરો. મહુડાના ઝાડમાંથી દારૂ બને છે માટે બધાં મહુડાના ઝાડને કાપી નાંખો અને ડોળના ઝાડને જીવતાં રાખો કારણ કે સાબુ બનાવવાના કામમાં વપરાતું ડોળીયું ડોળમાંથી બને છે ! સરકારને ખબર નથી કે મહુડાનાં ઝાડના ફૂલ તેને મહુડાં કહેવાય અને મહુડાંના ઝાડના ફળ તે ડોળ કહેવાય, પરિણામે અસંખ્ય મહુડાનાં ઝાડો સાબરકાંઠામાં સરકારી હુકમ અનુસાર કાપી નાખવામાં આવ્યા છે. દૂરના રાજસ્થાનના જંગલોમાં મહુડા આબાદ છે. રાજસ્થાનમાં દારૂની છૂટ છે. એથી ત્યાંના લોકો દારૂ બનાવી હજી પીએ છે.

૧૭. ત્યાંના જંગલના કાથોડી ભીલો તો દારૂ પીએ છે ને વાંદરાને પકડી ખાઈ જાય છે. કાથોડી લોકો કપડાં પણ પહેરતાં નથી. એટલી બધી ગરીબાઇ છે. રાજસ્થાન સરકારે તેમને સુધારવા જમીન કૂવા, ખેતીનાં સાધનો આપ્યાં છે. નિશાળ ખોલી છે. શ્રી ભોગીલાલ જોષી જેવા વેલફેર ઓફિસરો રાખ્યા છે. પરિણામે સ્ત્રી પુરુષો લંગોટી મારતાં શીખ્યાં છે.

૧૮. દૂધનાં તપેલામાં દહિં નહિ પણ ગીલોડીનો ગલ નાંખે તેવી સ્થિતી સીફીલીસ અને ગોનેરીઆથી પીડાતી અહીંની આદીવાસી સ્ત્રીઓની જોઈ, દુઃખ થયું. વ્યભિચાર સમજી શકું છું પણ બળાત્કાર સમજી શકતો નથી. ઈતર કોમો આ આદીવાસીઓની સ્ત્રીઓમાં ભયન શસ્ત્ર વડે વસી ગયા છે. વેપારના માટે વસતા આ લોકોનો શિકાર આ સ્ત્રીઓ બિચારી બની ગઈ છે. મહાગુજરાત થયા બાદ મને લાગે છે કે આ લોકોનું શિયળ સચવાશે.

Scanned with CamScanner

૧૯. બ્રહ્માંનો બનાવેલો આ વનસ્પતિનો બગીચો સરકારે સાચવવો જરૂરી છે. અને તેમાં આગ ન લાગે તે માટેનાં એલાર્મ ટાવરો તથા એક પણ પાંદડું તોડનારને જેલમાં પૂરી દેવાની વ્યવસ્થા કરવી જરૂરી છે. અને આગળ વધતા ખેતીના કંપાઓ હવે અટકાવવા જરૂરી છે જેથી માનવીના વિકાસ માટે દુનિયાભરનું આ ઉત્તમ આરોગ્ય સ્થાન–સેનેટોરીયમ થઇ શકે !

૨૦. અહિં જંગલમાં ઉંટો ઘણાં જોયાં ત્યારે ઉદર–સોજાના રોગોથી પીડાતા આદીવાસીઓને મેં કહ્યું ભાઈ! ઉંટડીનું દૂધ પીઓ. અને ક્ષયથી પીડાતા માણસો જે અહિંની બકરાનું દુધ, માખણ, ખાય તો ગજબ ફાયદો થાય કારણ કે અહિંના બકરાંને તમામ જાતની વનસ્પતિઓ ચરવા પાલો મળે છે. જે જે રોગો અહિંનાં બકરાનું દૂધ પીતી મેં જોઈ તે સશક્ત અને તેજસ્વી લાગી.

૨૧. અહિં બધી જાતની ગાયો જોવા મળી. "કાળી ધોળી રાતી ગાય. પીએ પાણી ચરવા જાય." ઉપરની લિટિઓમાં કાળી ગાય ને પહેલી પસંદગી આપી છે, આયુર્વેદમાં પણ કાળી ગાયના દૂધને પહેલી પસંદગી આપેલી છે કારણ કે કાળી ગાયના દૂધના ગુણો ગજબ છે।

૨૨. હરણાવ કેનાલ કેમ્પથી અમે છેલ્લે દિવસે અભાપુર ગામ પાસેના જંગલોમાં આયુર્વેદની વનસ્પતિઓ જોવા માટે શીતલવાડ ગામના શ્રી. છગનભાઇને ભોમિયા તરીકે લઈને ગયા. અમારી સાથે આયુર્વેદ પ્રેમી મિત્ર મંડળ પણ હતું. બાટી બનાવવા લોટ. ઘી. દાળ સાથે લીધાં.

આભાપુર ગામ વિજયનગર જતાં જંગલમાં આવે છે. અહિં શ્રી. નંદુભાઇની દોરવણી નીચે બંધાયેલ એક આદર્શ ભીલ આશ્રમ આગળ વિશાળ મેદાન છે ને ચારેય બાજુ વનસ્પતીઓથી ભરેલા પહાડો છે.

આગળ ચાલતાં વિજયનગરના મહારાજાએ બંધાવેલો એક બંધ નદિ વચ્ચે અમે જોયો. બંધ બાંધી નદિના પાણીને રોકીને ખેતરોમાં વાળી ખેતી કરવા માટે આ હરણાવ નદીનો ઉપયોગ સુંદર રીતે કરવામાં આવેલો છે.

સદેવંત સાવળંગાના મંદિરના પત્થરોનો ઉપયોગ આ બંધ બાંધવામાં કરવામાં આવેલો છે.

સમાપ્ત.

Scanned with CamScanner

સાપ ડરામણી—સાપ કરડ્યા ઉપર તેનાં મૂળ ઘસીને ચોપડાય છે અને મૂળ ઘસીને પવાય છે.

Scanned with CamScanner



અર્જુન—હૃદયરોગને ખાસ મટાડનારૂં છે. કોરામીનને આંટ મારે તેવું છે. ઠંડુ છે. ભગ્ન, ક્ષત, વિષ અને રક્તના રોગોને મટાડનારૂં છે.

Scanned with CamScanner



ધોળીપાટ—ગરમ છે. કડવી અને તીખી છે કફ અને વાયુને હરનાર, શૂળ: તાવે, ઉલટી, કોઢ, અતીસાર, હૃદયરોગ, દાહે, ખુજલી, વિષ, દમ. ક્રિમિ, ગોળો, કૃત્રિમવિષ અને ફોલ્લા ઉપર વપરાય છે.

Scanned with CamScanner



ધોળીપાટ—આયુર્વેદમાં ઉકાળાઓમાં તેનો યોગ્ય સામાન્યત ખૂબ છે. અને
તેનાં મૂળ ખાસ કંદ જેવાં જોવા જેવાં છે.



ખેર—કોઢને ખાસ મટાડનાર છે. નાનભટ્ટ બાપાએ કોઢ ઉપર આનો ખૂબ પ્રચાર કર્યો છે. આ જીલ્લામાં તેનાં ખૂબ સુંદર ઝાડ જોવામાં આવે છે. તેની છાલથી ન્હાવું. તેની છાલ ઉકાળીને પાણી પીવું અને તેનો ગુંદર ખેરસાર ખાવો ટોનીક છે.

Scanned with CamScanner





ગુગળ—રસાયન છે રોજ ખાવા જેવો છે. અહિં ગુગળનાં સુંદર વૃક્ષો છે તે કફ અને વાયુના રોગોમાં વપરાય છે અત્યંત રૂક્ષ અને ગરમ છે. તેથી વાયુ મટાડે છે.

ધામણ—આ દ્રવ્યને ઘા રૂઝાવવામાં અહિં વાપરે છે.

Scanned with CamScanner



ધોળું નસોતર—રેચમાં વાપરે છે. તેને ત્રણ ધાર હોય છે તેથી ત્રિવૃત સંસ્કૃતમાં નામ પાડ્યું છે. અહિંના લોકો પણ તરવટ કહે છે. તે એ બતાવે છે કે સંસ્કૃત ભાષામાં આદિવાસીઓ પણ નામો જાણે છે.

Scanned with CamScanner





સરકટનું ફુલ—પથરીમાં પેશાબ અટકયો હોય તેમાં અને સુવાવડ જલદીથી થાય તેમાં વાપરે છે.

આકોલ—ચિત્રા કરડયો હોય તો તેનાં મૂળનો કલ્ક પીવડાવે છે.

Scanned with CamScanner



કાળીપાટ—તેનુ નામ, સરા, વરા, પાપચેલી અને શ્રેયસી છે. વૈદકમાં ખૂબજ વપરાય છે. તે પણ કફ અને વાયુનો નાશ કરનારા છે.

Scanned with CamScanner





માંળવી પુંવાડીઆ—દરાજ ખરજવાં, અને ચામડીના રોગોમાં વપરાય છે.

ગોદલો—ગોદલાને સોજા ઉતારવામાં વપરાય છે.

કદંબ—તેનુ દાતણ દાંત બગડેલા હોય તો સારો ફાયદો કરે છે. અને સ્ત્રીઓના રોગમાં પણ વપરાય છે.





કણુબાઇ—આ ઔષધને તે લોકો કફનાવ્યાધિમાં વાપરે છે.

ખેરણી—શ્વાસ ખાંસીમાં આને વાપરે છે.

Scanned with CamScanner